સુવિચાર

જીવનમાં કોણ આવ્યું ને કોણ ગયું એના કરતાં, કોણ હજી પણ સાથે ઉભું છે એ વધારે મહત્વનું છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ન્યુઝ પેપરનો લોગો હટાવવા બાબતે મધ્ય ગુજરાત હેડલાઈનના સંચાલક અને તંત્રી સામે ૪૦ લાખ માગ્યાની ફરીયાદ P-4

Year-16, Issue-184 ■ DATE : 18-11-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ફરિદાબાદની અલ-ફલાહ યુનિ. આતંકનો અડ્ડોઃ એનઆઈએના ૩૫ સ્થળો પર દરોડા

## સમગ્ર નેટવર્કને 'મીશન કાફીર' નામ અપાયું હતુંઃ ડો.શાહીન, ડો.ઉમરે ઘડેલા ખોફનાક ષડયંત્ર પરથી પરદો ઉંચકાયોઃ આત્મઘાતી બોમ્બરની પુરી સ્કવોડ તૈયાર કરવા આયોજન હતું




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીમાં તા.૧૦ નવે.ના થયેલા બોમ્બ ધડાકાના પુરા ષડયંત્રના કેન્દ્રમાં હરિયાણાના ફરિદાબાદથી અલ-ફલાહ યુનિ.જ હતી તે નિશ્ચિત થઈ રહ્યું છે તે એનઆઈએની ટુકડીઓએ દિલ્હીમાં પોખલા સ્થિત યુનિ. અને ફરિદાબાદ કેમ્પસ સુધી ૩૫ સ્થળો પર દરોડા પાડયા છે.

હવે વિદેશથી આ યુનિ.માં મળતા ભંડોળ વિ. તપાસ માટે ઈ.ડી.એ પણ આજે દરોડા શરૂ કર્યો છે તથા છેક કાશ્મીરથી દિલ્હી સુધી ધરપકડમાં વધુ સાત લોકોની અટકાયત કરાઈ છે.

આ પ્રકારના નેટવર્કમાં યુવા તબીબો જે આ યુનિ.માં અભ્યાસ કરતા હતા તેમને હની ટ્રેપમાં ફસાવવા છેક કાશ્મીરથી પણ યુવતીઓને બોલાવાઈ હોવાનું તથા સમગ્ર નેટવર્ક 'મીશન-કાફીર' તરીકે ગોઠવાયુ હતું તેમાં મુસ્લીમ યુવતીઓના બ્રેઈન વોશ કરી તેઓને આત્મઘાતી બોમ્બર બનાવવાની પણ તૈયારી હતી.

ડો. શાહીને રાખવામાં આવી હતી. ડો. શાહીનને કોડવર્ડમાં મેડમ-ઝેડ તરીકે ઓળખવામાં આવતી હતી. આમ દિલ્હી બ્લાસ્ટસ એ એક મોટા ષડયંત્રના એક ભાગ જ હતો અને આ નેટવર્કમાં ગુજરાત છે જે ત્રણ ત્રાસવાદીઓ ઝડપાયા હતા. તેઓ પણ સામેલ હોવાનું માનવામાં આવે છે.

એનઆઈએ દ્વારા આ તપાસ ડીજીટલ સાધનો પર કેન્દ્રીત થઈ છે. વિવિધ વોટસએપ ગ્રુપની પણ ચકાસણી થઈ રહી છે અને તેમાં હરિયાણા-ઉતરપ્રદેશ-દિલ્હી સહિતના ક્ષેત્રોમાંથી ૫૦૦ જેટલા યુવાનોને જેહાદી બનાવવાની તૈયારી હતી.

આ તપાસમાં ડો.મુજમ્મિલ હજુ ગ્રુપ છે તે સીરિયા કે ગલ્ફ ચાલ્યો ગયો હતો તેમ મનાય રહ્યું છે. ડો.શાહીન ત્રણ વખત પાક ગઈ હતી. તેની મુલાકાતોને કોણે સ્પોન્સર કરી તે પણ ચકાસાઈ રહ્યું છે.

આત્મઘાતી હુમલાખોર ઉમરનો જે વિડીયો બહર આવ્યો છે તેથી તે કહી રહ્યો છે કે આત્મઘાતી હુમલામાં મોટો મુદો એ છે કે જયારે કોઈ વ્યક્તિ સ્વીકારી લે છે કે તે કોઈ નિશ્ચિત સમયે અને સ્થાન પર પરવા લઈ રહ્યા છે તો એક ખતરનાક માનસિકતામાં તે ચાલ્યો જાય છે.

તે ખુદને એવી સ્થિતિમાં મુકે છે જયાં તે સ્વીકારી લઈ મોત જ તેની એકમાત્ર મંજીલ છે પણ એ હકીકત છે કે કોઈ લોકતાંત્રીક અને માનવીય વ્યવસ્થામાં આવો વિવાદ કે સ્થિતિને સ્વીકારી શકાય નહી. કારણ કે જીવન-સમાજ અને કાનુન ત્રણેયના વિધાનોની વિરુદ્ધ છે.

## કોંગોના કોલવેઝી એરપોર્ટ પર ઉતરી રહેલ વિમાન બન્યું અગન ગોળો

**મુખ્ય સમાચાર, કોંગો**

કોંગોના કોલવેઝી એરપોર્ટ પર એક સરકારી મંત્રીનું વિમાન લેન્ડ કરતી વખતે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ દુઃખદ ઘટનાનો વીડિયો ઘણો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં વિમાન રનવે પર ઉતરતાની સાથે જ આગના ગોળામાં ફેરવાઈ જતું દેખાય છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, આ અકસ્માત સમયે વિમાનમાં દેશના ખનન મંત્રી લુઈસ વાટમ કાબામ્બા તેમજ ટોચના અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ સવાર હતું. આ ઉડાનનું સંચાલન એરજેટ અંગોલા દ્વારા કરવામાં આવતું હતું અને આગ લાગેલું વિમાન એમ્બ્રેયર ઈઆરજે-૧૪૫એલઆર (રજિસ્ટ્રેશન ૨-) હતું.

વિમાને કિંશાસાથી લુઆલાબા પ્રાંતના કોલવેઝી માટે ઉડાન ભરી હતી. સોમવારના રોજ, કોલવેઝીના રનવે ૨૯ પર પ્લેન ઉતર્યું ત્યારે તેના પાછળના ભાગમાં આગ લાગી ગઈ હતી. આ ઘટનાના રૂંવાડા ઊભા કરી દેનારા વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે.



## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૩૫/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૦૪/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |

| | સોનુ | ચાંદી |
|---|---|---|
| Today Rate | ₹૧,૨૩,૭૧૦ | ₹૧,૬૨,૦૦૦ |
| | -૧,૭૪૦ | -૫૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૮.૬૬ | ₹૧૧૬.૫૫ |

# અમદાવાદ જતી એમ્બ્યુલન્સમાં આગ લાગતાં નવજાત શિશુ સહિત ૪ ભડથું





**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અરવલ્લી જિલ્લાના મોડાસા નજીક રાણાસૈયદ ચોકડી પાસે સોમવારે મોડીરાત્રે એક અત્યંત કરુણ દુર્ઘટના બની છે. ધનસુરા તરફ જતા રોડ પર પેટ્રોલપંપની સામેથી પસાર થઈ રહેલી એક એમ્બ્યુલન્સમાં અચાનક કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી, જેમાં સારવાર માટે લઈ જવાતા નવજાત સહિત લોકો જીવતાં ભડથું થઈ ગયા હતાં. અમદાવાદ તરફ જતી આ બર્નિંગ એમ્બ્યુલન્સના સીસીટીવી પણ સામે આવ્યા છે.

ઘટના પગલે અરવલ્લી કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા ઘટનાસ્થળે દોડી ગયા હતા. અરવલ્લી જિલ્લા કલેક્ટરે ઘટના અંગે આપી પ્રતિક્રિયા આપી હતી અને તેમણે જણાવ્યું હતું કે, આગ લાગવાનું પ્રાથમિક કારણ એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સિલિન્ડર ફાટવાનું હોઈ શકે છે.

અરવલ્લીનાં કલેક્ટર પ્રશસ્તિ પારીકે જણાવ્યું હતું કે, એક વાગ્યાની આજુબાજુ મધરાતે મોડાસામાં રાણાસૈયદ, મોડાસા-ધનસુરા વચ્ચે હાઈવે પર એક દુઃખદ બનાવ બન્યો છે. એક એમ્બ્યુલન્સમાં લોકો ઓરેન્જ હોસ્પિટલ જતાં હતાં. લુણાવાડામાં ડિલિવરી થઈ, આ ત્રીજું બાઈક હતું પહેલાં બે બાળક બચી ન શક્યાં. આ બાળકનું જીવન કીમતી અને ખૂબ આશા સાથે પહેલાં એમને રેફર કરવામાં આવ્યું મોડાસા અને ત્યાંથી ઓરેન્જ હોસ્પિટલ રેફર કરવામાં આવ્યું હતું. ઓરેન્જ હોસ્પિટલની એમ્બ્યુલન્સ હતી જેમાં એક ડોક્ટર હતાં અને સાથે નર્સ પણ હતી. એક દિવસના બાળકને લઈને તેનાં પિતા તથા પરિવારજનો હતાં. રસ્તામાં એમાં આગ લાગી ગઈ આ જગ્યા પર એમ્બ્યુલન્સમાં. પ્રાથમિક દૃષ્ટીએ દેખાય છે કે ઓક્સિજન સિલિન્ડર હતું એ ફાટી ગયું. હજુ તપાસ ચાલે છે, પીએમ પણ અત્યારે હાલ ચાલી રહ્યું છે. આ એક દિવસના નવજાત બાળકને

પ્રાપ્ત પોલીસસૂત્રોની માહિતી મુજબ મહીસાગર જિલ્લાના લુણાવાડાના રહેવાસી જિજ્ઞેશભાઈ મહેશભાઈ મોચીના તાજા જન્મેલા બાળકને વધુ સારવાર માટે મોડાસાની રિચ હોસ્પિટલથી અમદાવાદની ઓરેન્જ હોસ્પિટલ ખાતે લઈ જતાં હતાં, ત્યારે આ ગોઝારી ઘટના બની હતી. એમાં એમ્બ્યુલન્સના પાછળના ભાગમાં બેઠેલા ચાર લોકો સળગી જતાં મૃત્યુ પામ્યા હતા. જ્યારે આગળની સીટમાં બેઠેલા દર્દીના કાકા અને દાદી તથા એમ્બ્યુલન્સના ડ્રાઈવર દાઝી ગયાં હતાં.

અરવલ્લી મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું કે ગઈકાલે રાતે મોડાસાથી અમદાવાદ હાઈવે જાય છે, બાયપાસ. ત્યાં મોડાસા ટાઉનથી બે-એક કિલોમીટર દૂર એક એમ્બ્યુલન્સ જે ઓરેન્જ હોસ્પિટલ અમદાવાદથી આવેલી અહીંયા. તાજું જન્મેલું બાળક લુણાવાડાથી લઈને એનો પરિવાર લઈ અમદાવાદ રીફર કરેલું હતું. અમદાવાદ લઈ જઈ રહ્યાં હતાં. એ દરમિયાન કોઈપણ કારણસર, ટેક્નિકલ પણ હોય કે બીજું કોઈપણ કારણ હોય, જેથી પાછળની જગ્યાએ આગ લાગી, પાછળ જે ચાર લોકો બેઠા હતા એમની ઓન ધી સ્પોટ ડેથ થઈ છે. આગળ બેઠા હતા એ ત્રણેય જણ ઈન્જર્ડ છે. ટોટલ સાત લોકો એમ્બ્યુલન્સમાં સવાર હતા. આગળની પોલીસની તપાસની કાર્યવાહી ચાલુ છે.

## અમદાવાદમાં નશીલી દવાઓના ગેરકાયદે વેચાણ પર તવાઈ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ શહેરમાં નશીલી દવાઓના (નાર્કોટિક ડ્રગ્સ) દુરુપયોગ અને ગેરકાયદેસર વેચાણને ડામવા માટે પોલીસ કમિશનર જી.એસ. મલિકના આદેશાનુસાર મંગળવારે શહેર પોલીસે એક મેગા ઈન્સ્પેક્શન ડ્રાઇવ હાથ ધરી હતી. સ્થાનિક પોલીસ સ્ટેશનની ટીમો દ્વારા મણિનગર, ખોખરા, ઇસનપુર, વટવા, નરોલ, દાણીલીમડા અને વટવા જીઆઈડીસી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા મેડિકલ સ્ટોર્સ પર સંકલિત રીતે દરોડા પાડવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ આ ઓપરેશન એવા દુકાનદારોને ઓળખવા માટે શરૂ કરાયું હતું જેઓ કથિત રૂપે માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના નિયંત્રિત અથવા નાર્કોટિક દવાઓનું વેચાણ કરી રહ્યા હતા. આ મેગા ચેકિંગ ડ્રાઇવમાં મુખ્યત્વે ડૉક્ટરની પરવાનગી વિના પ્રિસ્ક્રિપ્શન આધારિત દવાઓનું વેચાણ, પ્રતિબંધિત દવાઓનો સ્ટોક રાખવો, નિયમોથી વધુ જથ્થામાં દવાઓ રાખવી, અને જે દવાઓ રાખવા પર કાયદેસર પ્રતિબંધ છે તેવી દવાઓ કબ્જામાં રાખવા જેવા ઉલ્લંઘનો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## દિલ્હી-એનસીઆરમાં ઝેરીલી હવાનો કહેર ચાલુઃ પ્રદૂષણ સ્તર ૪૦૦ એકયુઆઈને પાર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી એનસીઆરમાં ઝેરીલી હવાનો કહેર ચાલુ છે. સાથે સાથે હજુ પણ શહેરમાં ધુમ્મસની મોટી ચાદર પથરાઈ ગઈ હતી. કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) અનુસાર મંગળવારે સવારે ૭ વાગ્યે દિલ્હીનું સરેરાશ એકયુઆઈ ખુબજ ખરાબ શ્રેણી ૩૪૧ નોંધાયું.

રાજધાનીમાં આનંદ વિહારમાં એકયુઆઈ ૩૮૧, અલીપુરમાં ૩૭૦, બવાનામાં ૪૧૯, ચાંદની ચોકમાં ૩૭૯, જહાંગીરપુરીમાં ૪૧૪ રેકોડ થયું હતું. આ ઉપરાંત નોઈડા સેકટર-૬૨માં એકયુઆઈ ૩૨૧, ગાઝિયાબાદના વસુંધરામાં ૪૧૮ એને ગુરૂગ્રામમાં ૩૨૮ એકયુઆઈ નોંધાયુ હતું.

જોકે સોમવારની તુલનામાં દિલ્હીમાં આજ હવાની ગુણવતા થોડી બહેતર છે પરંતુ ત્રણ સ્ટેશનોમાં એકયુઆઈ ૪૦૦ને પાર નોંધાયુ છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીવાસી એક મહિનાથી વધુ સમયથી ઝેરીલી હવામાં શ્વાસ લઈ રહ્યા છે કારણ કે કૃત્રિમ વર્ષા-કલાઉડ સીડીંગના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે.

વાયુ ગુણવતા ખરાબ હોવાથી શ્વાસ લેવામાં દર્દીઓને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. દિલ્હી એનસીઆરમાં હવાની ગુણવતામાં સુધારા માટે ગ્રેપ-૩ના પ્રતિબંધ પણ લાગુ છે તેમ છ્તા હાલત બગડેલી છે.

## રાજકોટમાં તિવ્ર ઠંડીનો અનુભવઃ તાપમાનનો પારો બે ડિગ્રી ગગડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે સવારથી પણ ઉતર-પૂર્વના ઠંડા પવનો યથાવત રહેતા ટાઢાબોળ વાતાવરણમાં લોકો ઠર્યા હતા. ખાસ કરીને ૨૪ કલાક દરમ્યાન રાજકોટનાં સવારનાં તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો થતા આજે સવારે ૧૨.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. અને સવોર પવનની સરેરાશ ઝડપ પણ ૮ કિ.મી. રહેતા નગરજનોએ તીવ્ર ઠંડી અનુભવી હતી.

આ ઉપરાંત અમરેલી અને નલિયા આજરોજ પણ ઠંડાબોળ રહેવા પામ્યા હતા. આજે સવારે નલિયામાં ૧૦.૫ અને અમરેલીમાં ૧૧.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લાં કેટલાંક દિવસોથી શિયાળાની કડકડતી ઠંડીની શરૂઆત થવા પામેલ છે. ત્યારે અમરેલીમાં આજે સતત બીજાં દિવસે તાપમાન ૧૧-૬ ડિગ્રી જેટલું નીચે આવી જતાં લોકોએ પણ આજે શિયાળામાં ગુલાબી ઠંડીનો અનુભવ કર્યો હતો.

આજે સવાર સવારમાં ફૂલ ઠંડીના કારણે મુખ્ય બજારોમાં ચહલ પહલ ધીમી જોવાં મળતી હતી. જ્યારે ગઈકાલ સાંજે પણ ઠંડીનાં કારણે બજારો વહેલી બંધ થઈ જવાં પામી હતી.

આજની તારીખે અમરેલીનું લઘુતમ ૧૧-૬ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે મહતમ તાપમાન ૨૯-૩, ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને પવનની ગતિ ૪-૧ નોંધાયેલ છે. જ્યારે ગોહિલવાડ પંથકમાં ઠંડીનું જોર વધી રહ્યું છે. આજે મંગળવારે ભાવનગર શહેરમાં લઘુતમ તાપમાન ઘટીને ૧૫.૬ ડીગ્રી નોંધાયું હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૪% રહ્યું હતું .જ્યારે પવનની ઝડપ ૪ કિ.મી .પ્રતિ કલાકની રહી હતી.

જામનગર સહિત જિલ્લાભરમાં તબકકામાં શિયાળો જમાવટ કરી રહ્યો છે.જેમાં સતત ત્રીજા દિવસે ઘટાડા સાથે જામનગરમાં સોમવારે લઘુતમ પારો વધુ અડધો ડિગ્રી નીચે સરકી ૧૩.ડિગ્રી પર સ્થિર થયો હતો.

જામનગરમાં સતત બીજા દિવસે લઘુતમ તાપમાનમા ઘટાડો જોવા મળ્યો હતો.છેલ્લા ૨૪ કલાકમાં જ ઘટી ૧૩ ડિગ્રી પર પહોચ્યુ હતુ.જે સાથે ઠંડા પવનો ફૂંકાતા મોડીસાંજથી વાતાવરણમાં ટાઢોડુ છવાયુ હતુ.સવારે શાળાએ જતા બાળકો ઉપરાંત માર્ગો પર આવાગમન કરતા લોકો પણ ગરમ વસ્ત્રોનો સહારો લેતા જોવા મળ્યા હતા.

## સોનાની આયાતમાં અધધ... ૨૦૦ ટકાનો વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના ટેરિફ વચ્ચે, ઓક્ટોબરમાં ભારતની વિવિધ ચીજવસ્તુઓની નિકાસ એક વર્ષ પહેલાની સરખામણીમાં ૧૧.૮% ઘટીને ૩૪.૩૮ અબજ ડોલર થઈ. સોમવારે વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, આયાત ૧૬.૬૩% વધીને ૭૬.૦૬ અબજ ડોલર થઈ છે, અને તેના કારણે વેપાર ખાધ ૪૧.૬૮ અબજ ડોલરના રેકોર્ડ સ્તરે પહોંચી છે.



આયાતના આંકડા વધારવામાં સોના અને ચાંદીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઓક્ટોબરમાં સોનાની આયાત લગભગ ૨૦૦% વધીને ૧૪.૭૨ અબજ ડોલર થઈ છે. ૨.૭૧ અબજ ડોલરની ચાંદીની આયાત કરવામાં આવી હતી, જે એક વર્ષ પહેલા કરતા ૫૨૮.૭૧% વધુ છે.

ઓક્ટોબરમાં અમેરિકામાં નિકાસ ઘટીને ૬.૩૧ બિલિયન થઈ ગઈ જે એક વર્ષ પહેલા ૬.૯ બિલિયન પર આવી ગઈ.આ ૮.૫૮૫ અબજ ડોલરનો ઘટાડો દર્શાવે છે, જોકે તે સપ્ટેમ્બરના ૫.૪૭ અબજ ડોલર કરતા વધારે છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે ગયા વર્ષે એપ્રિલ અને ઓક્ટોબર વચ્ચે ૪૭.૩૨ અબજ ડોલરની નિકાસની સરખામણીમાં આ વર્ષે ૫૨.૧૨ અબજ ડોલરની નિકાસનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ''એકંદરે સકારાત્મક વલણ છે. માસિક ધોરણે પણ વધારો જોવા મળી રહ્યો છે.''

FIEO ના પ્રમુખ એસ.સી. રાલ્હને જણાવ્યું હતું કે, ''નિકાસ પરનું દબાણ વૈશ્વિક આર્થિક મંદીનું પ્રતિબિંબ પાડે છે. ઘણા મુખ્ય બજારોમાં નબળી માંગ અને વારંવાર ભાવમાં વધઘટ પ્રવર્તે છે. નિકાસ સહાયક પગલાં વધારવા જોઈએ, અને વિવિધ યોજનાઓ હેઠળના લાભો નિકાસકારોને ઝડપથી જાહેર કરવા જોઈએ.''

સરકારે સોમવારે આગામી વર્ષના એપ્રિલ સુધી ચોક્કસ પ્રકારના પ્લેટિનમ જ્વેલરીની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે, જેનો હેતુ મુક્ત વેપાર કરારના દુરુપયોગને રોકવાનો છે.

## કુખ્યાત નક્સલી કમાન્ડર 'હિડમા'નું ઢીમ ઢાળી દેવાયું



### પત્નીનું પણ એન્કાઉન્ટર; અનેક હુમલામાં હતો સામેલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આંધ્ર પ્રદેશમાં નક્સલવાદ સામેની લડાઈમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. અલ્લુરી સીતારામ રાજુ (ASR) જિલ્લાના મારેદુમિલ્લીમાં કરવામાં આવેલા એક સફળ ઓપરેશનમાં કુખ્યાત અને મોસ્ટ વોન્ટેડ નક્સલી કમાન્ડર માડવી હિડમા અને તેની બીજી પત્ની રાજે ઉર્ફે રાજાક્કા સહિત છ નક્સલીઓ ઠાર થયા છે.

૪૩ વર્ષીય માડવી હિડમા લાંબા સમયથી સુરક્ષા દળોના નિશાન પર હતો અને તેના પર ૧ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. હિડમા પર ઓછામાં ઓછા ૨૬ મોટા અને ઘાતક હુમલાઓનો માસ્ટરમાઈન્ડ હોવાનો ગંભીર આરોપ હતો. છત્તીસગઢના સુકમાના પૂર્વવર્તી વિસ્તારમાં ૧૯૮૧માં જન્મેલા હિડમાએ CPI (નક્સલવાદ)ની સેન્ટ્રલ કમિટીના સૌથી નાના સભ્ય તરીકે અને PLGA બટાલિયન નંબર ૧ના કમાન્ડર તરીકે નક્સલી ગતિવિધિઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

અહેવાલો અનુસાર, સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલા એન્કાઉન્ટરમાં હિડમાની બીજી પત્ની રાજે ઉર્ફે રાજાક્કા પણ ઠાર થઈ છે. હિડમાનું મૃત્યુ એ નક્સલ વિરોધી ઓપરેશનમાં એક મોટી જીત માનવામાં આવે છે. તેના ઠાર થવાથી આંધ્ર-ઓડિશા બોર્ડર અને છત્તીસગઢના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં નક્સલી સંગઠનના નેટવર્કને મોટો ફટકો પડશે. સુરક્ષા દળોએ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ રાખ્યું છે.

ઓપરેશન અંગે આંધ્ર પ્રદેશના ડીજીપી હરીશ કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'અલ્લુરી સીતારામ રાજુ જિલ્લાના મારેદુમિલ્લીમાં પોલીસ અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આ એન્કાઉન્ટર સવારે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે થયું હતું. એન્કાઉન્ટરમાં એક ટોચના નક્સલી સહિત છ નક્સલીઓ માર્યા ગયા હતા. હાલમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.'

# મોરબીમાં આંતરરાષ્ટ્રીય વેપારના બહાને ૧.૭૨ કરોડની છેતરપિંડી કેસમાં વધુ એક આરોપીને દબોચી લેતી મોરબી સાયબર ક્રાઈમ



**મુખ્ય સમાચાર, મોરબી**

વિદેશમાં વેપાર કરાવી આપવાના બહાને મોરબીના વેપારી સાથે રૂ.૧.૭૨ કરોડની છેતરપિંડી કરનાર ગેંગ સામે સાયબર ક્રાઈમની કાર્યવાહી આગળ વધી છે. ન્યુ દિલ્હીની બે કંપનીઓ મારફતે ફ્રોડ ચલાવતી ટોળકીમાં સામેલ વધુ એક આરોપીને મોરબી સાયબર ક્રાઈમ ટીમે દિલ્હીમાંથી દબોચી મોરબી કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

મોરબી સાયબર ક્રાઈમ પોલીસને મળતી માહિતી અનુસાર છેલ્લા ઘણા સમયથી ન્યુ દિલ્હીમાં સ્થિત ટ્રેડ ફન્ડામેન્ટલ પ્રા.લી. તથા જી.બી.એફ.એસ.વીંગ્સ પ્રા.લી. નામની બે કંપનીઓ ઓનલાઇન પ્લેટફોર્મ મારફતે વેપારીઓને વિદેશમાં તેમના પ્રોડક્ટ એક્સપોર્ટ કરાવી આપવાના લોભમણી લાલચ આપી છેતરપિંડી કરતી હોય, વિવિધ વેપારીઓને ધંધો વધારવાની આકર્ષક સ્કીમો બતાવી મોટી રકમ પડાવવાનો આ ગેંગનો રેકેટ લાંબા સમયથી સક્રિય હતો. ત્યારે મોરબીના દેવેન્દ્રભાઈ નરસિંહભાઈ દેત્રોજા, જેઓ કોકોપીટ ઉત્પાદનનો ધંધો કરતા હતા, તેમણે ગુગલ સર્ચ દ્વારા આ ફ્રોડ કંપનીનો સંપર્ક કર્યો હતો. બંને કંપનીઓએ તેમને હોંગકોંગની કંપની સાથે ડીલ કરાવી આપવાની ખાતરી આપી હતી. વોટ્સએપ, ફોનકોલ અને ઈમેઈલ દ્વારા સ્કીમો તથા ચાર્જની માહિતી મોકલી તેમના નામના કોકોપીટ પ્રોડક્ટને વિદેશમાં વેચાણ કરાવવા માટે ૨૦૨૩ થી ૨૦૨૫ દરમિયાન અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ.૧,૭૨,૮૮,૪૦૦/- ટ્રાન્સફર કરાવી લઈને વોદેશમાં કોઈ વેપાર કરાવ્યો ન હતો. આખરે છેતરાયેલ હોવાનું સમજતા દેવેન્દ્રભાઈએ ફ્રોડ કંપનીઓ વિરુદ્ધ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોક્ત ફરિયાદને આધારે મોરબી સાયબર ક્રાઈમ પીઆઇ એન.એ. વસાવાએ તાત્કાલિક ટેકનિકલ તપાસ શરૂ કરાવી અને એક ટીમને ન્યુ દિલ્હી મોકલી હતી. તપાસમાં જાણવા મળ્યું કે મુખ્ય આરોપી દ્વારા ફ્રોડથી મેળવેલ નાણા તેના પિતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને આ નાણા ગેરકાયદેસર હોવાનું જાણતા હોવા છતાં જયકીશન સિંગલાએ તેનો વ્યક્તિગત લાભ માટે ઉપયોગ કર્યો હતો. મોરબી સાયબર ક્રાઈમ ટીમે હ્યુમન સોર્સની મદદથી દિલ્હી ખાતે લોકેશન ટ્રેસ કરી આ આરોપીને દબોચી લીધો હતો. આરોપી જયકીશન ભાનારામ સિંગલા રહે.સેક્ટર નં.૨૧ પોકેટ નં.૨ રોહિણી ન્યુ દિલ્હી વાળાને મોરબી લાવી કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે હવે ફ્રોડ ગેંગના અન્ય સભ્યો અને નાણાંના વ્યવહાર અંગે વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# ટંકારામાં એકતા પદયાત્રા યોજાઈ, બહોળી સંખ્યામાં નાગરિકો ઉત્સાહભેર જોડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે મોરબી જીલ્લામાં ટંકારા વિધાનસભા મતવિસ્તારની એકતા પદયાત્રા યોજાઈ હતી. આ પદયાત્રાનું જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ-માં પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.




આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખે આ આયોજન અન્વયે શુભેચ્છાઓ પાઠવી હતી અને સરદાર પટેલના જીવનના પ્રસંગો વર્ણવી તેમની નીડરતા અને વિચારોને આજની યુવા પેઢીને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાએ જણાવ્યું હતુ કે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતીની સમગ્ર દેશમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ટંકારા વિધાનસભા મતવિસ્તારમાં આ કાર્યક્રમ યોજાયો છે. સરદાર પટેલ કે, જેમણે દેશ દુનિયાને અખંડિતતાનો સંદેશો આપ્યો એવા લોખંડી પુરુષના વિચારોને જન જન સુધી પહોંચાડવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો છે.

વક્તા અનિરુદ્ધસિંહ પઢિયારે લોખંડી પુરુષ સરદાર પટેલના જીવન-કવન તેમજ ભારતની આઝાદીની લડત, વિવિધ સત્યાગ્રહો તથા ભારતના એકીકરણમાં તેમની ભૂમિકા પર વક્તવ્ય આપ્યું હતું. આર્ય સમાજ ટંકારા ખાતે મહાનુભાવોએ સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર તેમજ સુતરની આંટી પહેરાવી હતી તેમજ લીલી ઝંડી બતાવી આ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. હરબટીયાળી ખાતે બાળાઓ દ્વારા યાત્રાનું કંકુ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું અને ગ્રામજનોએ આ યાત્રાને આવકારી હતી. હરબટીયાળી ખાતે મહાનુભાવો દ્વારા સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર પહેરાવી યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. સમાપન વેળાએ સર્વે ઉપસ્થિતોએ સ્વદેશીના શપથ ગ્રહણ કર્યા હતા. આ યાત્રા દરમિયાન ટંકારા સર્કિટ હાઉસ પાસે ડો.બાબા સાહેબ આંબેડકર ભવન સેવા સમિતિ ટંકારા દ્વારા આ યાત્રાનું ફુલહાર તેમજ પુષ્પવર્ષા કરી અને જબલપુર ખાતે બાળાઓ દ્વારા રથને કંકુ તિલક કરી યાત્રાનું સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, મોરબી તાલુકા પંચાયત પ્રમુખ અશોકભાઈ દેસાઈ, પ્રાંત અધિકારી પ્રવીણસિંહ જેતાવત, અગ્રણી જયંતીભાઈ રાજકોટિયા, આરડીસી બેંક ટંકારાના ડિરેક્ટર સંજય ભાગીયા, ટંકારા મામલતદાર પી.એન. ગોર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, આ યાત્રામાં મહાનુભાવો, અગ્રણીઓ, પદાધિકારીઓ/અધિકારીઓ તથા વિદ્યાર્થીઓ આ યાત્રામાં ઉત્સાહભેર જોડાયા હતા.

# માળીયા(મી)ના વર્ષામેડીમાં પ્રેમલગ્નનો ખાર રાખી બનેવીની છરીના ઘા મારી કરાયેલ હત્યામાં આરોપીને આજીવન કેદ

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના વર્ષામેડી ગામે વર્ષ ૨૦૨૧માં બહેન સાથે પ્રેમલગ્ન કર્યાનો ખાર રાખી બનેવીની છરીના ઘા મારી હત્યા કરનાર આરોપી દિનેશ ઉર્ફે નીનો પ્રભુભાઈ મહાલીયાને મોરબી સેશન્સ કોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.



માળીયા(મી) તાલુકાના વર્ષામેડી ગામમાં વર્ષ ૨૦૨૧માં બનેલ હત્યાની ઘટનામાં અંતે ન્યાય થયો છે. જેમાં વર્ષ ૨૦૨૧માં ફરીયાદીના દીકરા હરેશભાઈએ દોઢેક મહિના પહેલાં જ આરોપી દિનેશ ઉર્ફે નીનો પ્રભુભાઈ મહાલીયાની બહેન જીજ્ઞાસા સાથે કોર્ટમાં પ્રેમલગ્ન કર્યા હતાં. આ લગ્ન અંગે મનદુઃખ રાખી આરોપી દિનેશે ૨૧ મે ૨૦૨૧ ના રોજ સાંજના સમયે હરેશભાઈ તેમજ તેમના પિતા ભરતભાઈ ગંગારામભાઈ વાઘેલા ઘરે પરત ફરતા સમયે અટકાવી હુમલો કર્યો હતો. આરોપીએ અચાનક છરી વડે હુમલો કરી હરેશભાઈને ડાબી બાજુ પડખા નીચે પાસળી પાસે અને પીઠના ભાગે બે જીવલેણ ઘા માર્યા હતા. ગંભીર ઈજાઓને કારણે હરેશભાઈનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. હુમલા બાદ આરોપી નાસી છૂટ્યો હતો, જોકે બાદમાં ૨૩ મે ૨૦૨૧ના રોજ પોલીસે આરોપી દિનેશ ઉર્ફે નીનો મહાલીયાની અટકાયત કરી હતી.

ત્યારે આ હત્યાનો કેસ સેશન્સ જજ શ્રીવાસ્તવસાહેબની કોર્ટમાં ચાલી જતા કોર્ટમાં રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ, સાક્ષીઓના નિવેદનો અને સરકારી વકીલ વિજય જાનીની ધારદાર દલીલોને આધારે કોર્ટે આરોપી દિનેશ ઉર્ફે નીનો પ્રભુભાઈ મહાલીયાને કલમ ૩૦૨ હેઠળ તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. સાથે જ રૂ.૨૦ હજારના દંડનો હુકમ કરવામાં આવ્યો છે.

# હળવદ કારખાનાના પટાંગણમાં કારની અંદર ઝેરી દવા પી કારખાનેદારનો આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના કેદારીયા ગામની સીમમાં નવા બની રહેલા કારખાનાના પટાંગણમાં ક્રેટા કારની અંદર ઝેરી દવા પી કારખાનેદારે આપઘાત કરી લીધો હતો. ૧૦૮ તબીબ સ્ટાફે તપાસ કરી તેમને મૃત જાહેર કર્યા બાદ હળવદ પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, હળવદના સરા રોડ પર ઉમા સોસાયટીમાં રહેતા અને મોરબી તાલુકાના પીપળીયા ગામના વતની નવનીતભાઈ રૂગનાથભાઈ આદ્રોજા ઉવ.૪૪ એ હળવદ-માળિયા હાઈવે પર કેદારીયા ગામ નજીક આવેલા તેમના નવા બની રહેલા કારખાનાના પટાંગણમાં પોતાની ક્રેટા કારની અંદર અજાણ કારણસર ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ તેમના પાર્ટનરને થતાં તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી, જ્યાં પહોંચેલા તબીબ સ્ટાફે તપાસ કરતાં નવનીતભાઈને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં મૃતકના ખિસ્સામાંથી સ્યુસાઈડ નોટ મળી આવી હોવાની માહિતી સામે આવી છે. તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. હાલ હળવદ પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અ.મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આજે એકતા-પદયાત્રાનો ભવ્ય કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરમાં સરદાર વલ્લભભાઈ પટેલના ૧૫૦માં જન્મવર્ષને ઉજવતા એકતા-પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. લોહપુરુષના જીવનમૂલ્યોને જનમાનસ સુધી પહોંચાડવા માટે યોજાયેલ આ યાત્રામાં લોક પ્રતિનિધિઓ, સમાજ આગેવાનો અને નાગરિકોના સહભાગથી દેશભક્તિનો માહોલ સર્જાશે.




વાંકાનેર ખાતે આજે તા.૧૮/૧૧ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે સરદાર@150- યુનિટી માર્ચ રૂપે એકતા-પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ''એક ભારત-આત્મનિર્ભર ભારત''નો સંદેશ જનજન સુધી પહોંચાડવાનો હેતુ સાથે આ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો, વિદ્યાર્થીવર્ગ, સામાજિક કાર્યકરો અને વિવિધ સંસ્થાઓએ ભાગ લીધો છે. આપણા લોહપુરુષ સરદાર સાહેબના અવિસમરણીય વારસો, તેમના વ્યક્તિત્વ, જીવનમૂલ્યો અને રાષ્ટ્રીય એકતાના સંદેશને ઉજાગર કરતા આ કાર્યક્રમની શરૂઆત કિરણ સિરામિક (રાતીદેવડી)થી સવારે ૮ વાગ્યે કરવામાં આવશે અને આ એકતા પદયાત્રાનું સમાપન ટાઉનહોલ ગ્રાઉન્ડ વાંકાનેર ખાતે થશે. આ ઐતિહાસિક પ્રસંગે સંસદસભ્ય કેસરીદેવસિંહજી ઝાલા, ધારાસભ્ય જીતેન્દ્રભાઈ સોમાણી, તાલુકા પંચાયતના પ્રમુખ કૈલાશબા ઝાલા, નગરપાલિકા પ્રમુખ ડિમ્પલબેન સોલંકી તેમજ અન્ય આગેવાનો ઉપસ્થિત રહેશે. મુખ્ય વક્તા તરીકે પૂર્વ ધારાસભ્ય વર્ષાબેન દોશી આગેવાની સંભાળશે. આ એકતા પદયાત્રામાં જોડાવવા વાંકાનેર તાલુકા વહીવટી તંત્ર દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મહંતસ્વામી મહારાજના સાંનિધ્યમાં ઉજવાયો વિદ્યામંદિર દિન અને સહયોગી સત્કાર સમારોહ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર બીએપીએસ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ દ્વારા.સવારે પ્રાત પૂજામાં અદભુત કીર્તનોની રજૂઆત બીએપીએસ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ દ્વારા થઈ. વિદ્યા મંદિરના પ્રિન્સિપાલ અને સ્ટાફ વતી મહંત સ્વામી મહારાજનું હાર અને શાલ અર્પણ કરીને પૂજ્ય સંતો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંજની સભામા પૂજ્ય વિવેકસાગર સ્વામીએ નિસ્વાર્થ સહયોગ આપવા અંગે વાતો કરી અને વિદ્યા અને પરાવિદ્યા બંને વિદ્યાર્થીઓને ભણાવવામાં આવશે તો એ ક્યારેય અધર્મના માર્ગ ઉપર નહીં જાય તેવી સુંદર રજૂઆત કરી.પૂજ્ય અપૂર્વમુની સ્વામી દ્વારા સભામાં પધારેલા તમામ હરિભક્તો અને સહયોગીઓનું શાબ્દિક સ્વાગત થયું.પૂજ્યપૂર્વમુની સ્વામીએ જણાવ્યું કે જીવનમાં સહયોગ કેટલો અગત્યનો છે. માણસ માત્ર એકબીજાના સહયોગથી જ સુખી જીવન જીવી શકે છે. દરેક વ્યક્તિએ સ્વાર્થથી ઉપર ઊઠીને પરિવાર સમાજ ધર્મ અને રાષ્ટ્ર માટે તન મન અને ધનથી અચૂક સહયોગ આપવો જોઈએ પૂજ્ય અપૂર્વમુની સ્વામી અને પૂજ્ય અક્ષરતિલક સ્વામી એ સહયોગ આપવાથી કેવા કેવા લાભ થાય છે તે વિષયક ખૂબ સુંદર પ્રશ્નોત્તરી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે કરી.પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજએ ભગવાન માટે સહયોગ આપનાર તમામ સહયોગીઓ સર્વ પ્રકારે સુખી થાય તેવા રૂડા આશીર્વાદ સૌ કોઈ ભક્તો પર પાઠવ્યા હતા.

# માર્ગ અકસ્માતના મૃત્તકોને શ્રધ્ધાંજલિ




જામનગરમાં માર્ગ અકસ્માતમાં ભોગ બનેલાઓ માટે વિશ્વ સંભારણા દિવસની નવેમ્બર માસના ત્રીજા રવિવારે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે જામનગર શહેરના જિલ્લા પંચાયત સામે વિનુ માંકડના પુતળા પાસે આર.ટી.ઓ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને ટ્રાફીક પોલીસે માર્ગ અકસ્માતમાં ભૌગ બનનારને શ્રધ્ધાજલિ આપી હતી.જેમાં મીણબત્તી પ્રગટાવીને બે મિનીટનું મૌન પાળીને શ્રધ્ધાજલિ આપી હતી. આ દરમિયાન ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અકસ્માતની જાણ થાશે તો ૧૦૮ને જાણ કરવાની તેમજ હીટ એન્ડ રનમાં ભોગ બનનારને મળતા ફાયદાનો લાભઅપાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# જામનગર શહેરના જર્જરિત પુલ ઉપરની આડશ ભયજનક બનતા તંત્રએ તાત્કાલિક સમારકામ કર્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના કાલાવડ નાકા બહાર આવેલા જર્જરિત પુલ ઉપરથી ભારે વાહનો પસાર ન કરવા મુકાયેલી આડશ ઉખડી જતાં લોકો માટે ભયજનક બન્યો હતો. ત્યારે વાહન ચાલકો માટે આડશ ભયજનક બનતા સ્થાનિક કોર્પોરેટરો સહિતના આગેવાનોએ તંત્રને જાણ કરી હતી અને તાત્કાલિક અસરથી ભયમુક્ત કરવામાં આવ્યો છે.શહેરના કાલાવડ નાકા બહારના પુલ ઉપરથી દૈનિક હજારોની સંખ્યામાં વાહનો પસાર થાય છે. તે પુલ જર્જરિત થઈ જતાં પાંચ મહિના પુર્વે જ તે પુલ ઉપરથી ભારે વાહનો પસાર કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, અને ભારે વાહનો પસાર ન થઈ શકે તે માટે લોખંડની આડશ મુકવામાં આવી હતી. જે આડશના એક બાજુનો લોખંડનો પોલ ઉખડી ગયો છે. લોખંડની આડશ એક બાજુ નમી જતા ત્યાંથી પસાર થતાં વાહનો માટે ભયજનક બન્યો છે. જેથી કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે આજે સ્થાનિક કોર્પોરેટર જેનબબેન ખફી તેમજ સ્થાનિક આગેવાનો સ્થળ પર પહોંચી ગયા હતા. આ અંગેની જામ્યુકો તંત્રને જાણ કરવામાં આવી હતી. મ્યુ.તંત્રની ટીમે તાત્કાલિક અસરથી સ્થળ પર પહોંચીને લોખંડની આડશનું રીનોવેશન કરીને ભયમુક્ત કરવામાં આવ્યો છે.




# જામનગરના માર્ગોના મરામત્ત અને નવિનીકરણ કામગીરી નિહાળતા મ્યુનિસીપલ કમિશનર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના તમામ મુખ્ય તથા આંતરિક માર્ગોનું નવીનીકરણ તથા મરામત યુદ્ધના ધોરણે કરવાનો તથા તમામ અધિકારીઓને ગુણવત્તા યુક્ત કામે થાય તે સૂચિના કમિશ્નર ડી.એન.મોદી દ્વારા આપવામાં આવી હતી. તદ્ઉપરાંત ખુદ કમિશ્નરે ડામર સિમેન્ટ રોડના ચાલતા કામોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી દરેક જવાબદાર અધિકારીઓને ગુણવત્તાના તપામ માપદંડો જળવાય તે રીતની સ્પષ્ટ સૂચનાઓ આપવામા આવી હતી.મહાનગરપાલિકાના કમિશ્નર ડી.એન.મોદી, આસિસ્ટન્ટ કમિશ્નર તથા સીટી. ઈજનેર બી. એન. જાની તથા લગત નાયબ ઈજનેરની ટીમને સાથે રાખીને આજે શનિવારે ગુલાબનગર, ધુંવાવ, રાજકોટ રોડ સિક્સ લેન કરવાના કામો સાથે શહેરના માર્ગ મરામતના કામોની સાઈટ વિઝીટ કરી હતી. શહેરના તમામ ડામર સિમેન્ટ રોડ મરામત/ રીપેરીંગના કામો યુદ્ધના ધોરણે હાથ ધરી તમામ કામોની ગુણવત્તા ટેન્ડરના સ્પેસીફીકેશન મુજબ જળવાઈ રહે તે પ્રકારની કડક સૂચના આપી અને તેનો અમલ કરવા જણાવેલ છે.આ સાથે શહેરના મુખ્ય પ્રવેશદ્વારો પર ચાલતા મુખ્ય રસ્તાઓ સાથે ફલાય ઓવર બ્રીજના કામોનું નિરીક્ષણ કરી સમય મર્યાદામા તમામ કામો પૂર્ણ થાય તે પ્રકારની સૂચના આપવામાં આવી હતી.લાલપુર બાયપાસ જંકશન ફલાય ઓવર બ્રીજ, ઠેબા કાલાવડ જંકશન ફલાય ઓવર બ્રીજ વિગેરે કામોનું ઝીણવટભર્યું સ્થળ નિરીક્ષણ કરાયું હતું. ખાસ ગુણવતા ભર્યા કામો થાય તેના ઉપર ફોકસ કરવાની સૂચનાઓ આપવામા આવી હતી.

# જામનગરમાં સંકલ્પ ઢોસા માંથી જીવાત નીકળી, ગ્રાહકોએ હોબાળો મચાવતા બે દિવસ માટે સીલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં બેડીબંદર રોડ પર આવેલા સંકલ્પ ઢોસા નામના ફૂડ સેન્ટરમાં ફૂડ સેફ્ટીની ગંભીર બેદરકારી સામે આવી છે. નાસ્તો કરવા ગયેલા ગ્રાહકને મંગાવેલા ઢોસામાંથી જીવાત નીકળતાં ખળભળાટ મચી ગયો હતો. આ અંગે ગ્રાહકે તાત્કાલિક જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખાને જાણ કરતાં તંત્ર દોડતું થયું હતું.મળતી માહિતી અનુસાર,એક પરિવાર સંકલ્પ ઢોસા સેન્ટરમાં નાસ્તો કરવા ગયો હતો. તેમણે જે ઢોસા મંગાવ્યા હતા, તેમાંથી સ્પષ્ટ રીતે જીવાત જોવા મળી હતી. ગ્રાહકે આ અંગે જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખાને જાણ કરતાં ફૂડ સેફ્ટીની ટીમ તરત જ સ્થળ પર દોડી ગઈ હતી.રેસ્ટોરન્ટ બંધ કરવાનો આદેશ, સેમ્પલ લેવાયા.ફૂડ શાખાની ટીમે ઘટનાસ્થળે પહોંચીને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ફૂડ વિભાગની ટીમે ખાદ્ય પદાર્થોના સેમ્પલ સીલ કર્યા છે અને તેને વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યા છે. આ ગંભીર બેદરકારી બદલ રેસ્ટોરન્ટના સંચાલકને તાત્કાલિક પોતાનો રેસ્ટોરન્ટ બે દિવસ માટે બંધ કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, ફૂડ સેફ્ટીના નિયમોનું કડક પાલન કરવા અને હાઈજેનિક કન્ડિશન જાળવવા માટેની કડક સૂચનાઓ પણ આપવામાં આવી છે. જાણીતા ફૂડ પાર્લરમાંથી જીવાત નીકળવાની આ ઘટનાએ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.




# ધ્રોલમાં ઓટો રીક્ષા ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલમાંથી ઓટો રીક્ષાની થયેલી ચોરીનો ભેદ ઉકેલવામાં ધ્રોલ પોલીસને સફળતા મળી છે. ગત તા.૨૫નાં રોજ ધ્રોલ સ્વામી નારાયણ પાર્કમાથી ઓટો રીક્ષા કિ.રૂા.અઢી લાખની ચોરી થયાની ફરિયાદની તપાસમાં હેડ કોન્સ રાજેશભાઈ મકવાણા, હરદેવસિંહ જાડેજાએ બાતમી આધારે માણેકપર ગામથી ધ્રોલ તરફના માર્ગમાં ઓટો રીક્ષા નં.જી.જે.૧૦ ટીઝેડ૪૧૩૫ને અટકાવી કાગળો માંગતા એઝાઝ ઉર્ફેલેલો અલ્લારખ નોબે (ઉ.વ.૨૫) રે-ગાયત્રીનગર ધ્રોલવાળાએ ગલ્લા તલ્લા કરતા તેની અટકાયત કરી પુછપરછ કરતા તેણે ૨૨ દિવસ પહેલા આ રીક્ષાની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. ઝડપાયેલ એઝાઝ ઉર્ફે લેલો વિરુદ્ધ મોરબી તાલુકા, ધ્રોલ, રાજકોટ ભકિતનગર, પાંચ ગુનામાં સંડોવાયેલ હોવાની વિગતો ખુલી હતી.આકામગીરી ધ્રોલ પો.સ્ટે.ના પો.ઈન્સ એચ.વી.રાઠોડ તથા એ.એસ.આઈ.ડી.જે.ગાગીયા તથા પો.હેડ.કોન્સ.રાજેશભાઈ કે.મકવાણા તથા હરદેવસિંહ જે.જાડેજા તથા રિતેશભાઈએ કુબાવત તથા પો.કોન્સ. રઘુવિરસિંહ ચંદુભા જાડેજા તથા નાગજીભાઈ પુંજાભાઈ ગમારા તથા સંજયભાઈ કમાભાઈ સોલંકી તથા જગદિશભાઈ જે.જોગરાણા તથા રાજેન્દ્રસિંહ એસ.જાડેજા તથા દેવેન્દ્રસિંહ વી.જાડેજાએ કરી હતી.



# હળવદના ચરાડવા ગામે પોથીયાત્રામાં ચાર મહિલાનું ગળું હળવું કરનાર તસ્કર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ચરાડવા ગામે રામ પારાયણ પુર્ણાહુતીની પોથીયાત્રામાં ભીડનો લાભ લઈને અજાણ્યા ચોર ઇસમો દ્વારા ચાર જેટલી મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચોરી કરી હતી, ત્યારે ભોગ બનનાર વૃદ્ધાની ફરિયાદને આધારે પોલીસે અજાણ્યા ચોર ઈસમ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, હળવદના ચરાડવા ગામે રહેતા તખુબેન ઓધવજીભાઈ મોહનભાઈ સોનગ્રા ઉવ.૬૦ એ હળવદ પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૨૩/૧૦/૨૦૨૫ થી ૩૧/૧૦/૨૦૨૫ દરમિયાન ચરાડવા મહાકાળી આશ્રમ ખાતે શ્રીરામ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે કથાના પુર્ણાહુતી દિવસે તા.૩૧/૧૦/૨૦૨૫ના રોજ કથા સ્થળેથી મહાકાળી આશ્રમ ખાતે પોથીયાત્રા નીકળી જેમાં ભીડનો લાભ લઈને ફરિયાદી વૃદ્ધા સહિત અન્ય ત્રણ મહિલાના ગળામાંથી અજાણ્યા ચોર દ્વારા સોનાના ચેઈનની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. હાલ હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહિલાઓની સાચા અર્થમાં સખી બનીને જીવનમાં સુખનો દીપક પ્રગટાવતું રાજકોટનું "સખી વન સ્ટોપ સેન્ટર"

## સખી વન સ્ટોપ સેન્ટરે પતિ અને સાસુના માનસિક ત્રાસથી ઘર ત્યજી દેનાર ૧૯ વર્ષીય પરિણીતાનું કાઉન્સેલિંગ કરીને પરિવાર સાથે કરાવ્યો પુનઃમેળાપ કરાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહિલા અને બાળ વિભાગ દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અને પ્રવૃતિઓ કાર્યરત છે. જેમાંની એક યોજના એટલે ''સખી વન સ્ટોપ સેન્ટર''. મહિલાઓને સામાજિક જીવનમાં થતી મુશ્કેલીઓમાં ''સખી વન સ્ટોપ સેન્ટર'' સાચા અર્થમાં મહિલાઓની સખી બનીને તેમના જીવનમાં સુખનો દીપક પ્રગટાવવાનું કાર્ય કરી રહ્યું છે. ત્યારે રાજકોટ ''સખી વન સ્ટોપ સેન્ટર'' મહિલાઓની સામાજિક અને આર્થિક ઉન્નતિ માટે નોંધપાત્ર કામગીરી કરી રહ્યું છે. આવા વધુ એક કિસ્સામાં સખી વન સ્ટોપ સેન્ટરે ૧૯ વર્ષીય પરિણીતાનો પરિવાર સાથે પુનમનમેળાપ કરાવ્યો છે.

રાજકોટના રહેવાસી ૧૯ વર્ષીય યુવતીના જણાવ્યા અનુસાર, મારા પતિ સાથે ઘણીવાર ઝગડાઓ થતા રહેતા હતા પરંતુ ક્યારેય ઘર છોડવાનો વિચાર આવ્યો નથી. છેલ્લા કેટલાંક સમયથી સાસુની ચડામણીના કારણે પતિ અને સાસુ સાથે બોલાચાલી અને ઘરમાં કંકાસનું પ્રમાણ વધી ગયું હતું. જેના કારણે માનસિક ત્રાસનો અનુભવ થતો હતો. છેલ્લે પતિ સાથે થયેલો ઝગડો ઉગ્ર બનતા યુવતીએ ૧૮૧ અભયમને કોલ કરીને ઘર ત્યજવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય બાદ યુવતીને સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય આપવામાં આવ્યો હતો.

સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફ દ્વારા યુવતીનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. સ્ટાફે પતિને સેન્ટર ઉપર બોલાવ્યા હતા અને બંનેને સાથે બેસાડીને સમજાવવામાં આવ્યા હતા. તેમજ યુવતીના પતિને પત્ની અને માતા બંનેનું સન્માન જાળવીને પારિવારીક જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું હતું.

સખી વન સ્ટોપ સેન્ટરે સમાધાન કરાવતાં મહિલા અરજદાર પતિ સાથે જવા માટે તૈયાર થયા હતા. પરિણીતાએ પરિવાર સાથે પુનમનમેળાપ થતાં સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ, રાજકોટ સખી વન સ્ટોપ સેન્ટર અનેક મહિલાઓના જીવનમાં સામાજિક અને માનસિક રીતે મજબુત આધાર બનીને મદદરૂપ થઈ રહ્યું છે.

# લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે યોજાયેલી રાજકોટ ૭૦ વિધાનસભા બેઠકની પદયાત્રા

## એન.સી.સી., યોગ બોર્ડ, સામાજિક અગ્રણી જન પ્રતિનિધિઓ જોડાયા રાજમાર્ગો પર 'પદયાત્રાનું રંગોળી, ફૂલહાર, સાંસ્કૃતિક કૃતિથી સ્વાગત કરાયું





**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીના અવસર પર રાષ્ટ્રવ્યાપી જનઅભિયાન એકતા પદયાત્રા (યુનિટી માર્ચ) નું આયોજન દેશભરમાં કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે રાજકોટ શહેર દક્ષિણ ૭૦ વિધાનસભા વિસ્તારના પેલેસ રોડ સ્થિત આશાપુરા મંદિરથી બેકબોન ચોક સુધી ૦૭ કિલોમીટરની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંસદ રામભાઈ મોકરિયાની વિશેષ ઉપસ્થિતિમાં પદયાત્રાનો શુભારંભ સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુને પુષ્પાંજલિ અર્પણ કરીને થયો હતો. મંચ પરથી યુનિટી ફ્લેગ દેખાડી યાત્રાને પ્રસ્થાન કરાવ-યું હતું.

આ પદયાત્રા પેલેસ રોડ ગુંદાવાડી તરફ જતાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ તથા લક્ષ્મીવાડી તરફ જતાં મદન મોહન હવેલીના વૈષ્ણવ જનોએ પદયાત્રામાં જોડાયેલ તમામનું સ્વાગત કર્યું હતું. અને સામાજિક અને સાંપ્રદાયિક એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ, મહાનગરપાલિકા, પોલીસ, આરોગ્ય સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓનો અનેરો સહકાર મળ્યો હતો.

આ પદયાત્રામાં મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્યો રમેશ ટીલાળા, ડૉ. દર્શિતાબેન શાહ, અગ્રણી માધવ દવે, પૂર્વ મંત્રી ગોવિંદ પટેલ, મનિષભાઈ રાડીયા, બોલબાલા ટ્રસ્ટના પ્રમુખ જયેશભાઈ ઉપાધ્યાય,શાપર વેરાવળ એસોસિએશનના હોદેદારો, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ, પ્રાંત અધિકારી ચાંદનીબેન પરમાર, જિલ્લા રમતગમત અધિકારી રમા મદ્રા, સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થનાબેન શેરસિયા, એન.સી.સી. કેડેટ્સ, યોગ બોર્ડ, બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, ડી.એલ.એસ.એસ. શાળાના ખેલાડીઓ, વિવિધ શાળા કોલેજના છાત્રો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલ્ડ્રન્સ ડે પર રાજકોટ જિલ્લામાં નવજાત શિશુઓને વ્હાલી દીકરી યોજનાના ફોર્મનું વિતરણ કરાયું






**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચિલ્ડ્રન્સ ડેના આનંદમય અવસર પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી જનકસિંહ ગોહિલનામાર્ગદર્શન હેઠળ District Hub for Empowerment of Women (DHEW) યોજનાના સહયોગથી સિવિલ હોસ્પિટલ રાજકોટ ખાતે જન્મેલા ૫૦ નવજાત શિશુઓને નરમ બ્લેન્કેટ, રંગબેરંગી રમકડાં તથા વ્હાલી દીકરી યોજનાના ફોર્મ વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આ પ્રસંગે ડીસ્ટ્રીક્ટ મિશન કો ઑર્ડીનેટર જેવીના માણાવદરીયા, જેન્ડર સ્પેશિયાલિસ્ટ તપન નથવાણી, સહિતના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધારાસભ્ય દ્વારા રજુ કરાયેલા પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવો: અધિકારીઓને આદેશ આપતા મ્યુ.કમિશનર

## રાજકોટના ચૂંટાયેલા પ્રતિનિધિ ધારાસભ્યઓની ઉપસ્થિતિમાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં રાજકોટ મહાનગરપાલિકા ખાતે સંકલન બેઠક યોજાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં રાજકોટ શહેરના ચૂંટાયેલા પ્રતિનિધિધારાસભ્યઓની ઉપસ્થિતિમાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં તા.૧૫-૧૧-૨૦૨૫ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રાજકોટ મહાનગરપાલિકાની સંકલન સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્યઓ ડૉ.દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા દ્વારા કરવામાં આવેલ ફરિયાદ/પ્રશ્નો/રજુઆતોનું સત્વરે નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને મ્યુનિસિપલ કમિશનરએ સુચના આપી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધારાસભ્યઓ માટે ઓનલાઇન પોર્ટલ/ડેશબોર્ડ બનાવ્યું છે, જેમાં તમામ કોઈપણ સ્થળે બેઠા-બેઠા રાજકોટ મહાનગરપાલિકા લગત ફરિયાદ/પ્રશ્ન/રજૂઆત કરી શકે છે. સાથોસાથ લગત ફોટો પણ અપલોડ કરી શકે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફરિયાદ/પ્રશ્ન/રજૂઆત અંગે થયેલ કામગીરીની વિગતવાર અહેવાલ તેમજ જરૂરી ફોટો પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે જેથીસાંસદ સભ્ય અને ધારાસભ્યઓને યોગ્ય જાણકારી મળી રહે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોર્ટલ/ડેશબોર્ડ બનાવવ-ામાં આવ્યું છે જેના થકી કરવામાં આવેલ ફરિયાદ/પ્રશ્ન/રજૂઆતનું મોનિટરિંગ કરી શકાશે અને તેના નિરાકરણ અંગે સ્ટેટસ પણ જાણી શકાશે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા બનાવવામાં આવેલ ઇ-સંકલન પોર્ટલમાં -ઓ દ્વારા કરવામાં આવતી રજુઆતો અંગે સત્વરે સંબંધિત શાખા અધિકારીશ્રીને મેસેજ દ્વારા જાણકરી મળે છે તેમજ અધિકારી દ્વારા લગત રજુઆતો/પ્રશ્નના પ્રત્યુત્તર અપલોડ કર્યાની સાથે જ સંબંધિત -ઓને મેસેજ દ્વારા જાણકારી પ્રાપ્ત થઇ શકે છે.

સાંસદ સભ્યરામભાઈ મોકરીયા દ્વારા આવાસ ટેકનીકલ શાખા, બાંધકામ શાખા, દબાણ હટાવ શાખા અને ટાઉન પ્લાનીંગ શાખા લગત પ્રશ્નો/રજુઆતો રજુ કરવામાં આવેલ, જેમાં અધિકારીઓ દ્વારા તાત્કાલિક લગત જવાબ પોર્ટલમાં સબમિટ કરવામાં આવેલ.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા ટાઉન પ્લાનિંગ શાખા, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા, બાંધકામ શાખા, લગત પ્રશ્નો/રજુઆતો રજુ કરવામાં આવેલ, જેમાં અધિકારીઓ દ્વારા તાત્કાલિક લગત જવાબ પોર્ટલમાં સબમિટ કરવામાં આવેલ.

ધારાસભ્ય ડૉદર્શિતાબેન શાહ દ્વારા બાંધકામ શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ગાર્ડન શાખા લગત પ્રશ્નો/રજુઆતો રજુ કરવામાં આવેલ, જેમાં અધિકારીઓ દ્વારા તાત્કાલિક લગત જવાબ પોર્ટલમાં સબમિટ કરવામાં આવેલ. ધારાસભ્યઓ દ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્નો/રજુઆતોનો સત્વરે યોગ્ય નિરાકરણ લાવવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સંબંધિત વિભાગોના અધિકારીઓને સૂચના આપી હતી.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ સંકલન સમિતિની બેઠકમાં સાંસદ સભ્યશ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્યઓ ડૉ.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ, સમીર ધડુક તેમજ તમામ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર શહેરમાં નશાના નેટવર્ક સાથે જોડાયેલ ભત્રીજો ઝડપાયો: કાકા ફરાર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નીલકમલ સોસાયટીમાં રહેતા કાકા- ભત્રીજા દ્વારા નશીલા પદાર્થ ગાંજાના વેચાણનું નેટવર્ક ચલાવવામા આવતું હોવાનું સામે આવ્યું છે. જે મામલે એસ.ઓ.જી પોલીસે રેડ પાડી કાર્યવાહી કરતા પાલનપુરથી પોણા ત્રણ કિલો ગાંજાનો જથ્થો લઈને જામનગર આવી રહેલા ભત્રીજાને પકડી પાડયો છે. તપાસમાં ગાંજો મંગાવનાર કાકાને ફરારી જાહેર કરાયો છે. જેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

વિગત એવી છે કે જામનગરમાં નિલકમલ સોસાયટી વિસ્તારમાં રહેતા હસમુખ પરસોત્તમભાઈ પરમાર અને તેના કાકા મનસુખ ગોરધનભાઈ પરમાર કે જે કાકા ભત્રીજાઓ દ્વારા છાને ખૂણે ગાંજાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે અને પાલનપુરથી ખાનગી વાહન મારફતે આરોપી હસમુખ પરમાર ગાંજો લઈને જામનગરમાં પ્રવેશી રહ્યો છે.

આ અંગેની માહિતી મળતાં જ એસઓજી પોલીસ સ્ટાફ ગુલાબનગર મેઈન રોડ પર એક ખાનગી વાહનમાંથી ઉતરેલા હસમુખ પરસોત્તમભાઈ પરમારને પોલીસે અટકાયતમાં લઈ લીધો હતો,તેના કબજામાં રહેલો થેલો, કે જે ચેક કરતાં તેની અંદરથી બે કિલો અને ૯૮૮ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ ટિમ દ્વારા આરોપી સામે એન.ડી.પી.એસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે.

રૂપિયા ૨૯,૮૮૦ની કિંમત નો ગાંજો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૩૪,૮૮૦ ની માલમતા કબજે કરી લેવામાં આવી છે. જ્યારે ઉપરોક્ત નશીલા પદાર્થનો જથ્થો મંગાવનાર તેના કાકા મનસુખ પરમાર ને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરવામાં આવી

# મોરબીમાં ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાંથી વિદેશી દારૂની ૬૦ બોટલ ઝડપાઇ

## બનાવટી બીલ્ટી દ્વારા મુદ્દામાલ મંગાવનાર સહિતના આરોપીઓની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ ખાતે ટી.કે. હોટેલ પાછળ આવેલા ભારત રોડવે ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે દરોડો પાડી વિદેશી દારૂની ૬૦ બોટલ ઝડપી લેવામાં આવી છે. બનાવટી બીલ્ટીનો ઉપયોગ કરીને મોકલાયેલ આ વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર તથા મોકલનારની સામે ગુનો નોંધી બી ડિવિઝન પોલીસે આગળની તપાસ ચલાવી છે. હાલ પોલીસે બે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મોરબી સીટી બી-ડિવિઝન પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે, મોરબી-૨ વિસ્તારમાં ટી.કે. હોટેલ પાછળ આવેલ ભારત રોડવે ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં પાંચ ખાખી બોક્સમાં વિદેશી દારૂ ભરેલો છે અને આ બોક્સ મોબાઇલ નંબર ૯૬૨૪૬ ૨૦૨૧૭ વાપરનાર વ્યક્તિએ મંગાવ્યા છે. જેથી પોલીસ ટીમ દ્વારા ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં રેઈડ કરતા જ્યાં પાંચ ખાખી બોક્સમાંથી વિદેશી દારૂની ૬૦ બોટલ કિ.રૂ.૧,૨૩,૪૮૦/- મળી આવ્યો હતો. ત્યારે પોલીસ દ્વારા ટ્રાન્સપોર્ટ સંચાલકની પૂછપરછ કરતા ખુલ્યું કે આરોપી રામદેવસિંહ રહે. રાયસંગપર તા. મુળી જી. સુરેન્દ્રનગર દ્વારા ''બહુચર એગ્રો'' નામની ખોટી બીલ્ટી બનાવી ઉપરોક્ત ટ્રાન્સપોર્ટમાં મોકલી આપ્યો હતો. હાલ બી ડિવિઝન પોલીસે આરોપી મુદ્દામાલ મંગાવનાર રામદેવસિંહ રહે.ગામ રાયસંગપર તા.મુળી જી.સુરેન્દ્રનગર તથા મુદ્દામાલ મોકલનાર મોબાઇલ નં.૭૨૬૫૦૦૯૫૮૯ વાપરનાર વ્યક્તિ તેમજ તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ બીએનએસ તથા પ્રોહી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી મનપાની કચેરી સામે દૈનિક કામદારોની ભીડ પર પ્રતિબંધ, જેલ રોડ હોકર્સ ઝોન ખાતે વૈકલ્પિક સ્થળની વ્યવસ્થા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગાંધી ચોક ખાતે આવેલ મહાનગરપાલિકા મુખ્ય કચેરીના પ્રવેશદ્વાર નજીક દૈનિક રોજગારી માટે કામદારો ભેગા થતા હોય છે, ત્યારે ટ્રાફિકમાં અવરોધ અને કાયદો-વ્યવસ્થાની સમસ્યા ઉભી થતા, મ્યુનિસિપલ કમિશ્નરે મુખ્ય માર્ગ પર ભેગા થવા પર પ્રતિબંધ મૂકી જેલ રોડ હોકર્સ ઝોનને નવું સ્થળ જાહેર કર્યું છે.

મોરબી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના પ્રવેશદ્વાર પાસે દૈનિક કામ-ધંધાની શોધમાં કડીયા કામ સહિતના મોટી સંખ્યામાં કામદારો એકત્ર થતા હતા. તેની અસર સ્વરૂપે દરરોજ અહી ભારે ભીડભાડ, ટ્રાફિકજામ જેવી પરિસ્થિતિ સર્જાતી હતી અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મુશ્કેલીઓ ઉભી થતી હતી. નાગરિકોને તેમજ ઓફિસમાં આવતા-જતા લોકોને અડચણો ન પડે તે માટે મોરબી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરે જાહેર હિતમાં મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં જાહેર કરાયેલા હુકમ અનુસાર, મહાનગરપાલિકાની મુખ્ય કચેરી પાસેના માર્ગ ઉપર કોઈપણ વ્યક્તિ અથવા કામદારોને દૈનિક રોજગારી માટે ઊભા રહેવા અથવા એકઠા થવા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવે છે. કામદારોની રોજગાર જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, તેમને મોરબી શહેરના જેલ રોડ હોકર્સ ઝોન, જેલ ચોક નજીક દૈનિક રોજગારી માટે ઊભા રહેવા માટે વૈકલ્પિક સ્થળ નક્કી કરવામાં આવ્યું છે.

આ હુકમ ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૪૬૬ (D) (a) મુજબ જાહેર કરવામાં આવ્યો છે અને તેનો અમલ તાત્કાલિક અસરથી શરૂ થયો છે. મહાનગરપાલિકાએ નાગરિકો અને કામદારોને હુકમનું પાલન કરવા અપીલ કરી છે. સાથે જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ નિયમનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# પ્રેરણાદાયી પહેલ: ઘૂંટુ ગામના યુવાનો SIRની કામગીરીમાં જોડાયા







## દરરોજ રાત્રે ગામના જાગૃત યુવાનો પ્રાથમિક શાળાએ એકઠા થઈને મતદારોના ફોર્મ ભરવા સહિતની કામગીરી કરે છે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (Special Intensive Revision-SIR) હેઠળ તા. ૦૪/૧૧/૨૦૨૫ થી તા. ૦૪/૧૨/૨૦૨૫ દરમિયાન ગણતરી ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી સરકારી શાળાના શિક્ષકોને બુથ લેવલ ઓફિસર (BLO) તરીકે સોંપવામાં આવી છે પરંતુ બધા મતદારોને ફોર્મ ભરવા અંગે પૂરતી માહિતી ન હોય મોરબી તાલુકાના ઘૂંટુ ગામના જાગૃત યુવાનોએ ગામનાં તમામ મતદારોના SIRના ફોર્મ ભરવા સહિતની તમામ કામગીરી વહેલી તકે પૂર્ણ થાય તેવા પ્રયાસો હાથ ધર્યા છે.

આ અંગે મળતી માહીતી મુજબ ભારતીય ચુંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ SIR હેઠળ BLO દ્વારા ઘૂંટુ ગામમાં તમામ મતદારોના ઘરે ઘરે જઈને ગણતરી ફોર્મ મતદારો સુધી પહોંચાડી દેવામાં આવેલ છે પરંતુ માહિતીના અભાવે મતદારોમાં ફોર્મ ભરવા બાબતે અસમંજસ રહેતી હોય જેથી આ બાબતે BLOને પણ કામનું ભારણ ન વધે અને ગામની પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ થાય તે હેતુથી ગામના જાગૃત યુવાનોએ આ કામ સુપેરે પાર પાડવાનું બીડું ઝડપ્યું છે જેમાં ૧૫ થી ૨૦ જેટલા યુવાનો દરરોજ રાત્રે સરકારી શાળાએ એકઠા થઈને BLOના માર્ગદર્શન હેઠળ મતદારોના ફોર્મ ભરવા સહિતની કામગીરી કરી રહ્યા છે.

# ચિલ્ડ્રન્સ ડે નિમિતે રાજકોટ જિલ્લામાં વ્હાલી દિકરી યોજના અંતર્ગત ૧૦૦ લાભાર્થીઓને રૂ. ૧.૧૦ કરોડ ના મંજૂરી હુકમોનું વિતરણ કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

''ચિલ્ડ્રન્સ ડે''ના પાવન અવસર પર રાજકોટ જિલ્લામાં દીકરીઓના ઉજ્જ્વળ ભવિષ્યને સમર્પિત એક નોંધપાત્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી જનકસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.


વ્હાલી દિકરી યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં મંજુર થયેલા કુલ ૧૦૦ લાભાર્થીઓને રૂ. ૧,૧૦,૦૦,૦૦૦/- (એક કરોડ દસ લાખ) માટેના મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ વિતરણ માત્ર સહાય નહીં, પરંતુ સમાજમાં દીકરીને સમાન તક આપવાની દિશામાં લેવાયેલુ એક મજબુત પગલું છે.

આ સહાય દીકરીઓના શિક્ષણ અને સશક્તિકરણને વધુ મજબૂત બનાવશે અને તેમના ભવિષ્ય નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવશે તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારી જનકસિંહ ગોહિલે જણાવ્યું હતું. આ પ્રસંગે આ પ્રસંગે ડીસ્ટ્રીક્ટ મિશન કો ઑર્ડીનેટર જેવીના માણાવદરીયા, જેન્ડર સ્પેશિયાલિસ્ટ તપન નથવાણી, સહિતના અધિકારીઓ કર્મચારીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ''માળી'' તાલીમ વર્ગ માટે અરજી કરવા બાબત

સરકારના બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં અર્બન ગ્રીન મિશન અંતર્ગત ''માળી'' તાલીમ મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરવા આઈ ખેડૂત પોર્ટલ (www.ikhedut.gujarat.gov.in) તા.૧૭/૧૧/૨૦૨૫થી તા.૦૬/૧૨/૨૦૨૫ સુધી ખુલ્લુ મુકવામાં આવશે. આ તાલીમ મેળવવા ઈચ્છુક લોકોએ ઓનલાઈન અરજી કરી અરજીની પ્રિન્ટ સાથે આધારકાર્ડની નકલ, રેશનની કાર્ડ નકલ, બેંક પાસબૂકની નકલ અથવા રદ કરેલ ચેક સાથે ૦૭ દિવસમાં નાયબ બાગાયત નિયામકની કચેરી, ૨/૩ જિલ્લા સેવા સદન-૩, સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ ખાતે મોકલવાની રહેશે. વધુ વિગતો માટે ૦૨૮૧-૨૪૪૫૫૧૭ ફોન નંબર પર સંપર્ક કરી શકાશે. તેમ નાયબ બાગાયત નિયામક રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ મનપાની પરમી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે કાલે સુપ્રસિદ્ધ બોલિવૂડ સિંગર સચેત અને પરંપરા પ્રસ્તુત "બોલિવુડ મ્યુઝિકલ નાઈટ" યોજાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર,મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા,શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ,દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિચેરમેન સુરેન્દ્રસિંહ વાળા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપનાની ૫૨-મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આવતીકાલ તા.૧૯/૧૧/૨૦૨૫, બુધવારના રોજ રાત્રે ૮૦૦ કલાકેકવિ શ્રી રમેશ પારેખ રંગ દર્શન,રેસકોર્ષ ખાતે સુપ્રસિદ્ધ બોલિવુડ સિંગર સચેત અને પરંપરા પ્રસ્તુત ભવ્ય''બોલિવુડ મ્યુઝિકલ નાઈટ''કાર્યક્રમનું આયોજન કરેલ છે.

વિશેષમાં, વિવિધ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહાનુભાવોને પ્રતિષ્ઠિતમેયર એવોર્ડએનાયત કરી સન્માનિત કરવામાં આવશે તેમજ''સ્વચ્છ-હરિયાળું-રંગીલું રાજકોટ દિવાળી ઉત્સવ''રંગોળી સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ પણ આ કાર્યક્રમમાં કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય કૃષિ અને ખેડૂત કલ્યાણ,સહકાર,પશુપાલન,ગૌસંવર્ધન,મત્સ્યોદ્યોગ,પ્રોટોકોલ માન.કેબિનેટ મંત્રી તથા રાજકોટ શહેર પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

આ કાર્યક્રમના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકાદ્વારા તડામાર તૈયારી શરૂ કરવામાં આવેલ છે. જેમાં, મંડપ, લાઈટ્સ સાઉન્ડ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, સુરક્ષા વગેરે જેવી કામગીરી સુવ્યવસ્થિત રીતે થાય તે માટે અધિકારીઓ અને તેના તાબા હેઠળના કર્મચારીઓને કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાંસુપ્રસિદ્ધ બોલિવુડ સિંગર સચેત અને પરંપરા પ્રસ્તુત ભવ્ય''બોલિવુડ મ્યુઝિકલ નાઈટ''માં તેઓ પોતાના મધુર કંઠે જા રાંઝણ રાંઝણ (દો પતિ), હમસફર (સૈયારા), બેખયાલી (કબીર સિંહ), મેરે સોણીયા (કબીર સિંહ), શિવ તાંડવ (આલ્બમ), રામ સિયા રામ (આદિપુરુષ), ઓ માઇયા મેનુ યાદ આવે (જી), મલંગ સજના (આલ્બમ) વગેરે જેવા અનેક સુપ્રસિદ્ધ ગીતોથી શહેરીજનોને ડોલાવશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર,મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા,શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ,દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારાશહેરીજનોને આસુપ્રસિદ્ધ બોલિવુડ સિંગર સચેત અને પરંપરા પ્રસ્તુત ભવ્ય''બોલિવુડ મ્યુઝિકલ નાઈટ''માણવા હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ન્યુઝ પેપરનો લોગો હટાવવા બાબતે મધ્ય ગુજરાત હેડલાઇનના સંચાલક અને તંત્રી સામે ૪૦ લાખ માગ્યાની ફરીયાદ

## સૌરાષ્ટ્ર હેડલાઇનના માલિકે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચમાં નોંધાવી ફરીયાદઃ સંચાલક અને તંત્રીની ધરપકડ કરવા પોલીસે તજવીજ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં પ્રકાશીત થતા સૌરાષ્ટ્ર હેડલાઇનના માલિકને લોગો દૂર કરવા બાબતે મધ્ય ગુજરાત હેડલાઇનના સંચાલક અને તંત્રીએ રૂ.૪૦ લાખની માંગણી કરી ધમકી આપ્યાની ફરીયાદ રાજકોટ ક્રાઇમ બ્રાન્ચમાં નોંધાઇ છે.




આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલની પાછળ સિલ્વર કોઇનમાં રહેતા અને રાજકોટ શહેરમાં સૌરાષ્ટ્ર હેડલાઇન નામે ન્યુઝ પેપર પ્રકાશીત કરતા પુષ્પરાજસિંહ ઘનશ્યામસિંહ રાણાએ રાજકોટ ડીસીપી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે, યાજ્ઞીક રોડ પર આવેલ ધનરંજની કોમ્પલેક્ષના આઠમાં માળે મધ્ય ગુજરાત હેડલાઇનના નામે ઓફિસ ચલાવતા સંચાલક ગીરીશ એમ. સોલંકી અને તંત્રી જગદીશ મહેતા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ તેઓએ સૌરાષ્ટ્ર હેડલાઇન ખરીદ કર્યુ હોય અને તેના તમામ હક્કો અંગે લખાણ અને સમજૂતી કરાર કર્યા હોય. તેમ છતાં મધ્યગુજરાત હેડલાઇનના સંચાલક ગીરીશ સોલંકી અને તંત્રી જગદીશ મહેતા ભળતા નામવાળો લોગો મધ્ય ગુજરાત હેડલાઇનના નામે ગેરકાયદે નોંધણી કરાવ્યા વગર ન્યુઝ પેપર પ્રકાશીત કરતા હોય જે બાબતે ફરીયાદી પુષ્પરાજસિંહએ પોતાના ભળતા નામ અને લોગોનો ઉપયોગ કરવાની ના પાડતા ફરીયાદી પાસેથી બળજબરીથી પૈસા પડાવવા માટે રૂ.૪૦ લાખની ગેરકાયદે રીતે માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી હોવાની ફરીયાદ ડીસીપી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પીએસઆઇ એ.એસ.ગરચરએ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી મધ્યગુજરાત હેડલાઇનના સંચાલક અને તંત્રીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ટંકારાના મેઘપર ઝાલા ગામે વાડીમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

## ૪૬,૪૦૦નો મુદ્દામાલ કબ્જે આરોપીની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા પોલીસ ટીમે મેઘપર ઝાલા -ગામની સીમમાં આવેલ વાડીમાં રેઇડ કરી હતી, જ્યાં ચાલતી ગેરકાયદેસર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. આ સાથે પોલીસે ગરમ-ઠંડો આથો તાજ્ઞ્હ ભઠ્ઠી ચલાવવા ઉપયોગમાં લેવાતા સાધન સામગ્રી સાથે કુલ રૂ.૪૬,૪૦૦/-નો મુદ્દામાલ ઝડપી લીધો હતો, રેઈડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે તાલુકાના મેઘપર ઝાલા ગામની આથમણી વિસ્તારમાં આવેલ આરોપીના કબજાવાળી વાડીમાં દરોડો પાડયો હતો. રેઇડ દરમિયાન આરોપી રવિરાજસિંહ અમરસિંહ ઝાલા રહે.મેઘપર ઝાલા વાળા પોતાના કબજાની વાડીમાં ગેરકાયદેસર રીતે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવતો હોય જેથી તાત્કાલિક ઉપરોક્ત વાડીએ રેઇડ કરતા જ્યાંથી ગરમ આથો ૧૦૦ લીટર, ઠંડો આથો ૧૮૦૦ લીટર કિ.રૂ.૩૬,૦૦૦/- તેમજ તૈયાર દેશી દારૂ ૪૦ લીટર કિ.રૂ ૮,૦૦૦/- મળી આવ્યા હતા. સાથે સાથે પતરાના બેરલ, એલ્યુમીનીયમના બકડીયા, સ્ટીલના પાત્રો અને અન્ય ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ.૪૬,૪૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. રેઈડ દરમિયાન આરોપી રવીરાજસિંહ હાજર નહિ મળી આવતા તેની વિરુદ્ધ ટંકારા પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મંગળા રોડ ઉપર ફાયરીંગ પ્રકરણમાં પેંડા ગેંગના વધુ બે સાગ્રીત ઝબ્બે

## બંને ટોળકીના ૨૫ શખ્સો જેલમાં ધકેલાયાઃ મરઘા ગેંગનો કુખ્યાત હજુ ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મંગળા રોડ ઉપર ફાયરીંગ મામલે પોલીસે પેંડા ગેંગ અને મરઘા ગેંગ સામે ગુનો નોંધ્યા બાદ બન્ને ગેંગના સભ્યોને પકડવા અલગ અલગ ટીમ કામે લાગી હતી. જેમાં ક્રાઇમ બ્રાંચ અને એસઓજીની ટીમે તપાસ કરી પેંડા ગેંગનાં ૧૫ સભ્યોની ધરપકડ બાદ વોન્ટેડ વધુ બે સભ્યોની ધરપકડ કરતા કુલ આંક ૧૭ થયો છે. જયારે જંગલેશ્વરની મરઘા ગેંગનાં મુખ્ય સૂત્રધાર સહિત કુલ આઠ શખ્સોને દબોચી લેવામાં આવ્યા છે. પોલીસે પેંડા ગેંગ અને મરઘા ગેંગ ફરાર સભ્યોની ધરપકડ બાદ વોન્ટેડ વધુ બે સાગ્રીતોની ધરપકડ કરતા કુલ ધરપકડનો આંક ૨૫ થયો છે, જોકે હજુ મરઘા ગેંગના કુખ્યાત સંજય ઉર્ફે સંજલો ફરાર હોય જેને ઝડપી લેવા ક્રાઇમ બ્રાંચની ટીમે વોચ ગોઠવી છે. મળતી વિગતો મુજબ ફાયરીંગ મામલે પોલીસે પેંડાના ભયલો ગઢવી, મેટીયો ઝાલા, મોન્ટુ રોજાસરા, હીંમત ઉર્ફે કાળુ લાંગા ગઢવી તેમજ મરઘા ગેંગના સમીર ઉર્ફે સંજલો જાવીદભાઈ જુણેજા, અબ્દુલ્લા ઉર્ફે દુલીયો ભીખુભાઈ ઘાડા, શાહનવાઝ અબ્દુલ્લા ઉર્ફે દુલીયો ભીખુભાઈ ઘાડા, શાહનવાઝના મીત્રો સમીર ઉર્ફે મુરઘો, સોહીલ સીંકદરભાઈ ચાનીયા, સોહીલ દીવાન ફકીર, અમન અલ્તાફભાઈ પીપરવાડીયા તથા તપાસમાં ખુલે તમામ સામે હત્યાની કોશિષ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધ્યો હતો. જંગલેશ્વરના સમીર ઉર્ફે મરઘા અને પેંડા ગેંગના પરિયા ગઢવી વચ્ચે એક યુવતીના મુદ્દે શરૂ થયેલી

માથાકૂટ ગેંગવોર સુધી પહોંચી હતી અને મંગળા રોડ પર સમીરના નાનાને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા ત્યારે બંને ગેંગ સામસામે આવી ગઈ હતી અને જાહેરમાં એકબીજા પર ભડાકા કરી આતંક મચાવ્યો હતો. પોલીસે આ મામલે બંને ગેંગના શખ્સોની ધરપકડનો દોર શરૂ કર્યો હતો. જેમાં ફાયરીંગમાં સંડોવાયેલ પેંડા ગેંગનાં ૧૫ સભ્યોની ધરપકડ બાદ વોન્ટેડ વધુ બે સભ્યોની ધરપકડ કરી છે. પેંડા ગેંગના વોન્ટેડ પુનિતનગરના અમરદીપસિંહ ક્રિપાલસિંહ ઝાલા અને મિલન નરભેરામ ગોંડલીયાની ધરપકડ કરતા પેંડા ગેંગના કુલ ૧૭ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. જયારે મરઘા ગેંગના કુલ ૮ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે ત્યારે બન્ને ગેંગના કુલ ધરપકડનો આંક ૨૫ થયો છે. ગુજસીટોકના પેંડા ગેંગના ૧૭ આરોપી સભ્યો રીમાન્ડ ઉપર છે. આ પ્રકરણમાં હજુ સંજય ઉર્ફે સંજલો ફરાર હોય તેને પકડવા ક્રાઇમ બ્રાંચની ટીમે વોચ ગોઠવી છે.

# લક્ષ્મીનગરમાં લગ્ન પ્રસંગમાં ગયેલા પ્રૌઢના ગળામાંથી સોનાની માળાની ચીલઝડપ

## ૯૦ હજારની કિંમતની માળા લઈ ભાગેલા ગઠિયાનો પ્રૌઢે પીછો કરતા ગબડી પડયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સહકારનગર મેઈન રોડ હસનવાડીમાં રહેતા કમલેશભાઈ નાનજીભાઈ નકુમ (ઉ.વ.૫૬)ગઈ કાલે તેમના સગા સાળા હેમતભાઈ બચુભાઈ જારીયા (રહે.લક્ષ્મીનગર શેરી નં-૦ ૬, અમૃત ક્રેડીટ સોસાયટી પાસે)ના દીકરાના લગ્નમાં આવ્યા હતા અને ત્યાં લક્ષ્મીનગર શેરી નમ્બર-૬ પાસે હતા ત્યારે અજાણ્યા બાઈકના ચાલકે તેમના ગળામાં પહેરેલા ૯૦ હજારની સોનાની માળાની ચિલ્ઝડપ કરી ભાગી હતા માલવીયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. કમલેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૧૬/૧૧ના રોજ સગા સાળા હેમતભાઈ બચુભાઈ જારીયા દીકરા આશીપના લગ્ન પ્રસંગમાં આવેલ હોય અને રાત્રીના સાડા આઠેક વાગ્યાની આસપાસ અમો બધા સગા-સંબંધી જમીને હું તથા મારા સગા અરજણભાઈ કરશનભાઈ જારીયા બન્ને નાના મૌવા મેઈન રોડ, સુર્યમુખી હનુમાન મંદીર પાસે, બાલાજી પાન નામ ની દુકાન પર પાન ખાવા માટે ગયેલ હતા, અને પાન ખાઈને આશરે સાડા નવેક વાગ્યે ચાલીને પરત ફરતા લક્ષ્મીનગર શેરી નં-૦૬, અમૃત ક્રેડીટ સોસાયટીના ખુણા પાસે પહોંચતા, એક અજાણ્યો ઇસમ સામેથી કાળા કલરનું એક્ટીવા ચલાવી લાવી અને મે મારા ગળામાં પહેરેલ રૂદ્રાક્ષની સોનાની આશરે પાંચ તોલાની માળા જોટ મારી અને ખેંચી આ અજાણ્યો એક્ટીવા ચાલક લઈને નાસી ગયો હતો. જે એક્ટીવા ચાલકને પકડવા જતા હું દોડતા-દોડતા રસ્તામાં પડી ગયેલ, જેથી મને હોઠ તથા નાક અને જમણા હાથની આંગળી પર છોલાયેલ જેવી ઈજા થયેલ, એવી રીતે અજાણ્યો શખ્સ તેની કાળા કલરની એક્ટીવા લઈને આવી અને ૯૦ હજારની રૂદ્રાક્ષની સોનાની માળા આશરે પાંચ તોલાની મારા ગળામાથી અચાનક આંચકી લઈ ભાગી ગયો હતો.આ અંગે માલવીયા પોલીસ મથકના સ્ટાફે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# શીતલ પાર્ક પાસેથી ચોરાઉ રિક્ષા સાથે તસ્કર ઝડપાયો

## ચોરી કરેલી રિક્ષામાં ફેરા કર્યા બાદ રેઢી મુકી દીધી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના શીતલ પાર્ક પાસેથી ચોરાઉ રીક્ષા સાથે પોલીસે બજરંગવાડીમાં રહેતા શખસને ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની પુછ્તાછ કરતા તેણે ત્રણ દિવસ પૂર્વે હનુમાનમઢી પાસેથી આ રીક્ષા ચોરી કર્યાની કબુલાત આપી હતી. પોલીસે રીક્ષા કબ્જે કરી આરોપી સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ અને એસીપી ભારાઇના માર્ગદર્શન હેઠળ ગાંધીગ્રામ પોલીસ રાધીકા મથકના પીઆઈ એસ.આર.મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ એમ.વી. જાડેજા તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન હેડ કોન્સ. ભવદિપસિંહ ગોહિલ, રોહિતદાન ગઢવી,કોન્સ. મુકેશભા સબાડ અને જયદેવસિંહ પરમારને મળેલી



બાતમીના આધારે શીતલ પાર્ક સર્કલ પાસે મેઈન રોડ પર શંકાસ્પદ રીક્ષા સાથે એક શખસને ઝડપી લીધો હતો.

પોલીસે આ શખસની પુછ્તાછ કરતા તેનું નામ વિજય અશોકભાઈ બોઝ(ઉ.વ. ૪૦ રહે. બજરંગવાડી સર્કલ પાસે શેરી નં. ૧૪,રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે રીક્ષાના કાગળો માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જેથી પોલીસે રીક્ષાના નંબર પોકેટ કોપ એપમાં સર્ચ કરતા રીક્ષાના બીજાના નામે હોવાનું માલુમ પડયું હતું. બાદમાં આ શખસની સઘન પુછ્તાછ કરતા તેણે ત્રણ દિવસ પૂર્વે હનુમાનમઢી ચોક પાસે રંગઉપવન સોસાયટીના ગેટ નજીકથી આ રીક્ષા ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. તેમજ રીક્ષા ચોર્યા બાદ મુસ-ાફરોનાં ફેરા કર્યા હતા અને છેલ્લે રીક્ષા સિવીલ હોસ્પીટલ નજીક મુકી આરોપી ભાગી ગયો હતો. જેથી પોલીસે રૂ. ૪૫ હજારની કિંમતની આ રીક્ષા કબજે કરી આ શખસ સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી સામે અગાઉ રાજકોટ રેલવે પોલીસ અને પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં દારૂના ગુના નોંધાઈ ચૂકયા હોવાનું જાણવા મળ્યું છે.

# દિલ્હી બ્લાસ્ટ બાદ DGPનો મોટો નિર્ણયઃ રાષ્ટ્ર વિરોધી હિસ્ટ્રીશીટર્સનું ૧૦૦ કલાકમાં વેરિફિકેશન કરવા આદેશ

## રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં ઝડપાયેલા હિસ્ટ્રીશીટર્સનું આગામી ૧૦૦ કલાકમાં જ એક ડોઝિયર તૈયાર કરાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



દિલ્હી બ્લાસ્ટની ઘટના પછી ગુજરાતના રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે સોમવારે (૧૭મી નવેમ્બર) રાજ્યના તમામ પોલીસ કમિશ્નરો અને જિલ્લા પોલીસ અધિક્ષકો(જી)ને એક મહત્ત્વનો આદેશ આપ્યો છે. રાજ્ય પોલીસ વડાએ આ આદેશ કરતાં કહ્યું છે કે, છેલ્લા ત્રણ દાયકામાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં ઝડપાયેલા હિસ્ટ્રીશીટર્સનું આગામી ૧૦૦ કલાકમાં જ એક ડોઝિયર તૈયાર કરવામાં આવે. રાજ્ય પોલીસ વડાના આદેશ પ્રમાણે, ગુજરાતના તમામ શહેર અને જિલ્લા પોલીસ વડાને તાત્કાલિક ધોરણે એવા આરોપીઓની ઓળખ કરવા તેમજ ચકાસણીની પ્રક્રિયા શરુ કરવા સૂચના અપાઈ છે, જેની છેલ્લા ૩૦ વર્ષમાં ગુજરાતના કોઈપણ પોલીસ સ્ટેશનમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ સંબંધિત કેસોમાં નોંધણી થઈ હોય. આ દિશામાં તપાસ હાથ ધરનારા તમામ પોલીસ અધિકારીઓને સૌ પ્રથમ આવા તમામ લોકોની પ્રાથમિક સૂચિ તૈયાર કરવાની રહેશે. ત્યાર પછી તે દરેક વ્યક્તિની સ્થિતિ, પૃષ્ઠભૂમિ અને વર્તમાન પ્રવૃત્તિઓની પુષ્ટિ કરવા માટે વિગતવાર ચકાસણીની કવાયત્? પણ કરવી પડશે. આ અંગે રાજ્ય પોલીસ વડાએ ભારપૂર્વક જણાવ્યું છે કે, આ ચકાસણી પ્રક્રિયા સંપૂર્ણ હોવી જોઈએ, જેમાં રૅકોર્ડ-ચેકિંગ, ફિલ્ડ પૂછપરછ અથવા કેસ હિસ્ટરીની પુષ્ટિમાં કોઈ કચાશ ન રહેવી જોઈએ. આ ચકાસણી એકવાર પૂર્ણ થઈ જાય, પછી પોલીસ યુનિટોએ અંતિમ સંકલિત ડોઝિયર તૈયાર કરવાનું રહેશે. આ અંતિમ અહેવાલમાં અપડેટેડ પ્રોફાઈલ્સ, કેસની વિગતો સામેલ હોવી જોઈએ, જે આગામી ૧૦૦ કલાકમાં રાજ્ય પોલીસ વડાને સુપરત કરવાની રહેશે. આ અંગે એક ઉચ્ચ પોલીસ અધિકરીએ જણાવ્યું હતું કે આ કવાયતનો હેતુ રાષ્ટ્રીય હિતોની વિરુદ્ધ ગણાતા ગુના સાથે જોડાયેલા વ્યક્તિઓના રાજ્ય-સ્તરના ડેટાબેઝને અપડેટ રાખવાનો તેમજ વિવિધ જિલ્લામાં દેખરેખની પદ્ધતિને મજબૂત બનાવવાનો છે.

# શહેરમાં હૃદયરોગનો હુમલો વધુ ચાર માનવ જીંદગી ભરખી ગયો

## રત્નકલાકાર, ખાણી પીણીના ધંધાર્થી, યુવાન અને ટ્રેકટર ચાલકનું હાર્ટ એટેકથી મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં હૃદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ દરરોજ અનેક માનવ જીંદગી કાળના ખપરમાં હોમાઈ રહી છે ત્યારે વધુ ચાર લોકોના સ્વાસ થંભી ગયા હોવાનું સામે આવ્યું છે. જેમાં પ્રજાપતિ સોસાયટીમાં રત્ના કલાકાર બેડીપરામાં ખાણીપીણીના ધંધાર્થી માંડાડુંગરના યુવાન અને ખંભાળામાં ટ્રેકટર ચાલકનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમા ઓમ સર્કલ નજીક આવેલી પ્રજાપતિ સોસાયટીમા રહેતા શૈલેષભાઈ જેરામભાઈ ગોંડલીયા (ઉ.વ. ૫૧) પોતાનાં ઘરે હતા ત્યારે પરોઢીયે હૃદય રોગનો હુમલો આવતા સારવાર માટે સિવીલ હોસ્પીટલમા ખસેડાયા હતા જયા તેમનુ હૃદય રોગનાં હુમલાથી મોત નીપજયુ હતુ. મૃતક આધેડને સંતાનમા ત્રણ પુત્ર છે અને હીરા ઘસી પરીવારનુ ગુજરાન ચલાવતા હતા.

બીજા બનાવમાં વિનાયકનગરમાં રહેતાં અને ઢોસાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતાં અજીતભાઈ જૈઠીસિંગ ડોડીયા (ઉ.૫૫) રાત્રીનાં સાડા આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતાં ત્યારે બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. આધેડને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી આધેડનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હોવાનું જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક સાતભાઈ એક બહેનમાં નાના હતાં અને તેમને સંતાનમાં બે પુત્રી છે. અજીતભાઈ ડોડીયા ઢોસાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં.

ત્રીજા બનાવમાં આજી ડેમ ચોકડી પાસે માડાડું ગર વિસ્તારમાં ભીમર-ાવનગરમાં રહેતાં પ્રફુલ છગ્ગનભાઈ મકવાણા નામનો ૨૫ વર્ષનો યુવાન સવારના પોતાના ઘરે હતો ત્યારે હૃદયરોગનો હુમલો આવતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. મૃતક યુવાન ત્રણ ભાઈમાં નાનો અને અપરિણીત હતો.

ચોથા બનાવમાં શહેરની ભાગોળે પડધરીના ખંભાળા ગામે રહેતાં નરશીભાઈ ગાંડુભાઈ ભોજાણી (ઉ.૭૦) સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં ખંભાડા ગામે બેચરભાઈની વાડીએ ટ્રેક્ટર ચલાવતાં હતાં ત્યારે ચાલુ ટ્રેક્ટરે હૃદયરોગનો હુમલો આવી જતાં બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. વૃધ્ધને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં પેટ્રોલ પંપ પર રૂ.૧ માટે ફિલરમેન પર હુમલો કરનાર બંધુ બેલડીને ૬ માસની કેદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમા ૮૦ ફુટ રોડ પર આવેલ સોમનાથ પેટ્રોલ પંપ પર ૪ વર્ષ પુર્વે બાઇકમા પેટ્રોલ પુરાવ્યા બાદ ૧ રૂપીયો પરત લેવા મુદ્દે ફીલરમેન પર છરી વડે હુમલો કરવાનાં કેસમા સંડોવાયેલા બાઇક સવાર બંધુને કોર્ટે ૬ માસની સજા અને રૂપીયા ૩-૩ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસ હકીકત મુજબ રાજકોટમા ૮૦ ફુટ રોડ પર સોમનાથ વે બ્રીજ પાસે આવેલ સોમનાથ પેટ્રોલ પંપ પર તા. ૨૯-૩-૨૧ નાં રોજ સાંજનાં સાડા છએક વાગ્યાનાં અરસામા જંગલેશ્વરમા રહેતો શાહનવાઝ મહેબુબભાઈ પઠાણ પોતાનુ બાઇક લઇને પેટ્રોલ પુરાવવા માટે ગયો હતો જયા ૭૯ રૂપીયાનુ પેટ્રોલ પુરાવ્યુ હતુ. અને ૮૦ રૂપીયા ફીલરમેન ભરતભાઈ નાથાભાઈ ગોહેલને આપ્યા હતા . ૧ રૂપીયો છુટો ન હોવાનુ ફીલરમેન ભરતભાઈ ગોહેલે જણાવતા શાહનવાઝ પઠાણે ઝઘડો કરી બીભત્સ ગાળો ભાંડી જ્ઞાતી પ્રત્યે હડધુત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છુટયો હતો બાદમા શાહનવાઝ પઠાણ તેનાં નાનાભાઈ અકરમ પઠાણને લઇને પેટ્રોલ પંપ પર ધસી આવ્યો હતો. અને જયા ફીલરમેન ભરતભાઈ ગોહેલ પર છરી વડે હુમલો કરી પેટનાં ભાગે છરીનો ઘા ઝીકી દીધો હતો હુમલામા ઘવાયેલ ઈજાગ્રસ્ત ફીલરમેન ભરતભાઈ ગોહેલે હુમલાખોર બંને શખ્સો વિરુધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી કે જે કેસ ચાલવા પર આવતા બંને પક્ષનાં વકીલોને રજુઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામા આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતનાં ચુકાદાને ધ્યાને લઇ અધિક સેસન્સ જજ આઇ બી. પઠાણે બંધુ બેલડીને છ માસની સજા અને પ્રત્યેકને રૂપીયા ૩ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસમા સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા અને ફરીયાદી વતી મદદગારીમા ડી. બી. બગડા રોકાયા હતા.

# રાજકોટમાં કાળા કાચ, નંબર પ્લેટ વિનાના વાહનો અને હેલ્મેટ અંગે પોલીસનું સઘન ચેકીંગ

## નિયમનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવાના ગૃહ વિભાગના આદેશ બાદ ૧૩ થી ૧૭ નવેમ્બર સુધી ખાસ ડ્રાઈવ યોજાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા રાજ્યભરમાં ૧૩ થી ૧૭ નવેમ્બર સુધી ખાસ ડ્રાઈવ કરવા આદેશ આપવામ આવતા રાજકોટ માં છેલ્લા પાંચ દિવસથી ખાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જેમાં નંબર પ્લેટ વગરની અને કાળા કાચ વાળા વાહનો તેમજ સરકારી કચેરીએ હેલ્મેટ વિના આવતા સરકારી કર્મચારીઓ અને અરજદારો સામે દંડની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગત સપ્તાહે રાજકોટ શહેર પોલીસ અધિકારીઓ અને ધારાસભ્યો વચ્ચે યોજાયેલી સંકલનની બેઠકમાં ધારાસભ્યો દ્વારા શહેરમાં નંબર પ્લેટ વિનાનાં કાર સહિત વાહનો અને બ્લેક



ફિલ્મ લગાવેલા કાળા કાચવાળા વાહનો સામે કાર્યવાહી કરવા સુચન કરવામાં આવ્યું હતું. ઘણીવાર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોય છે અને ગુનેગારોને ઓળખવામાં અવરોધરૂપ બને છે. જેથી ખાસ ડ્રાઈવનો આદેશ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યો છે. નંબર પ્લેટ વગરના વાહનો કાયદાકીય રીતે માન્ય નથી, કારણ કે તેનાથી વાહન માલિકની ઓળખ થઈ શક્તી નથી. તેવી જ રીતે, કાળા કાચવાળી ગાડીઓમાં અંદર બેઠેલા લોકો સરળતાથી જોઈ શકાતા નથી, જેના કારણે ગુનેગારો માટે આવી ગાડીઓ છૂપાવા માટેનું ઉત્તમ સાધન બની રહે છે. આ કારણોસર પોલીસ વિભાગે આવા વાહનોને શોધી કાઢવા અને નિયમોનું ઉલ્લંઘન કરનારા માલિકો સામે કડક કાનૂની પગલાં લેવા માટે ૧૩ થી ૧૭ નવેમ્બર સુધી ખાસ ડ્રાઈવ કરવામાં આવી છે. પોલીસ ડ્રાઈવ દરમિયાન તમામ પોલીસ સ્ટેશનો અને ટ્રાફિક પોલીસ વિભાગને ચેકિંગ કરવા પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ સુચના આપી હોય શહેરી વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતુ ખાસ કરીને સરકારી કચેરી બહાર સહીત દરેક જગ્યાએ ખાસ ચેકિંગ પોઈન્ટ્સ ઊભા કરી અને શંકાસ્પદ વાહનોની તપાસ કરવામાં આવી હતી. અને હેલ્મેટ વિના દ્વિચક્રી વાહન લઈને આવતા સરકારી કર્મચારીઓ અને અરજદારો સામે કાર્યવાહી કરી હતી.

# DGP Prison T-20 Cricket Tournament 2025"નું આયોજનઃ રાજકોટ જેલ વિજેતા બની




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યની જેલો ખાતે ફરજો બજાવતાં જેલ વિભાગના અધિકારી/ કર્મચારીઓ વચ્ચે સદભાવના કેળવાય અને રમત-ગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તેવા શુભ હેતુથી પોલીસ મહાનિદેશક જેલ અને સુધારાત્મક વહીવટ અને સી.આઈ.ડી.(ક્રાઈમ અને રેલ્વે) ડૉ.કે.એલ.એન.રાવ ના માર્ગદશન હેઠળ રાજ્યની જેલોની ઝોન વાઇઝ ટીમો વચ્ચે પ્રિન્સિપાલ, ગીપ્કા, અમદાવાદના નેતૃત્વમાં "6th DGP Prison T-20 Cricket Tournament 2025"નું આયોજન કરવામાં આવેલ હતુ. જે ટુર્નામેન્ટમાં પોલીસ મહાનિદેશકની કચેરી, GIPCA ઝોન, અમદાવાદ ઝોન, વડોદરા ઝોન, સુરત ઝોન તથા રાજકોટ ઝોનની ટીમો વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામાં આવેલ. જે તમામ ઝોનની ટીમોએ ઉત્સાહ ભેર ભાગ લિધેલ હતો. રાજકોટ ઝોનની ટીમનુ નેતૃત્વ જામનગર જિલ્લા જેલના અધિક્ષક એન.એસ.લોહારને સોપવામાં આવેલ. રાજકોટ ઝોનની ટીમના અથાગ પ્રયાસોથી તમામ મેચોમાં અપરાજીત રહી ફાઈનલમાં ગિપ્કા,અમદાવાદ ઝોનને પરાજીત કરી ચેમ્પિયન થયેલ. ચેમ્પિયન રાજકોટ ઝોનની ટીમનુ પોલીસ મહાનિદેશક રાવ ના વરદ હસ્તે ચેમ્પિયન ટ્રોફી એનાયત કરી સન્માન કરવામાં આવેલ હતુ. ત્યારબાદ આ ટીમનુ રાજકોટ ખાતે આગમન થતા જેલ અધિક્ષક વાગીશા જોશી (IPS)નાઓ દ્વારા તમામ ખેલાડીઓને તેમની ઉમદા પ્રદશનની પ્રશંસા કરી પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલ હતુ. તેમજ તેઓ ભવિષ્યમા રમત-ગમત ક્ષેત્રે પોતાનુ ઉમદા પ્રદર્શન કરે તેવી શુભકામના પાઠવેલ હતી.

# રાજકોટના બિલ્ડીંગ મટીરીયલના ધંધાર્થીનું ચોટીલા પાસે કાર અકસ્માતમાં મોતઃ ત્રણ લોકોને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતા રેતી કપચીના ધંધાર્થી અમદાવાદ કામ સબબ ગયા હતા અને ત્યાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે ચોટીલા નજીક રેતી કપચીના ધંધાર્થીની કારને ટ્રક ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રેતી કપચીના ધંધાર્થીનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણ લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી. આધેડના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કાલાવડ રોડ ઉપર આવેલા રવિ રત્ન પાર્કમાં રહેતા મનુભાઈ પાંચાભાઈ શિયાળ નામના ૫૨ વર્ષ આધેડ રાત્રીના બારેક વાગ્યાના અરસામાં અલ્પેશની કારમાં બેસી અમદાવાદથી રાજકોટ પરત ફરી રહ્યા હતા ત્યારે ચોટીલા નજીક પહોંચતા ટ્રક ચાલકે કારને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા મનુભાઈ શિયાળને તાત્કાલિક સારવાર માટે ચોટીલા બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક મનુભાઈ મનુભાઈ શિયાળ ત્રણ ભાઈ એક બહેનમાં નાના હતા અને તેમને સંતાનમાં બે પુત્ર છે. મનુભાઈ શિયાળ રેતી કપચીનો ધંધો કરતા હતા. અને અમદાવાદ ધંધાના કામ સબબ ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે સર્જાયેલા અકસ્માતમાં મોત નીપજ્યું હતું જ્યારે અન્ય ત્રણ લોકોને ઈજા પહોંચી હોવા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ચોટીલા પોલીસને નોંધ કરી અકસ્માત સર્જનાર ટ્રૂક ચાલક વિરુધ્ધ તપાસનો દર લંબાવ્યો છે.

# રાજકોટની યુવતી પ્રેમીને મળવા ઘરેથી ભાગી અને જુનાગઢ રેલ્વે સ્ટેશનથી મળી આવી

## જુનાગઢ આર.પી.એફ.ની સતર્કતા અને ૧૮૧ ટીમનું સફળ કાઉન્સેલિંગ અને મહેનતથી પરિવારને યુવતી હેમખેમ મળી

**મુખ્ય સમાચાર, જુનાગઢ**

રાજકોટની રહેવાસી નેપાળી યુવતી તેનાથી નાની ઉમરના છોકરા સાથે જુ નાગઢ રેલવેસ્ટેશન પરથી આર.પી.એફ. ને મળી આવતા, ૧૮૧ ટીમની મદદ માંગી હતી, અને સફળ કાઉન્સેલિંગ અને મહેનતથી રાજકોટના નેપાળી પરિવારને બહેન હેમખેમ મળી હતી. આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ, ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં જુનાગઢ રેલવે સ્ટેશનથી ફોન આવેલ કે, એક યુવતી મળી આવેલ છે અને ૧૮૧ ટીમની મદદની જરૂર છે. જેથી ૧૮૧ ટીમના ફરજ પરના કાઉન્સિલર પ્રિયંકા ચાવડા, મહિલા પોલીસ મધુબેન ઓડેદરા અને પાઈલોટ સ્થળ પર દોડી ગયેલ, અને આર.પી.એફ. એ.એસ.આઈ.હેતુબા ગોહીલ એ હકીકત જાણેલ કે, યુવતી ટ્રેનમાં એકલી મુસાફરી કરતા તેને સ્ટાફ દ્વારા પુછ્તાછ કરતા સંતોષકારક જવાબ ના મળતા સોંપવામાં આવેલ હોય, અને યુવતી ઘરેથી નિકળીને તેના



પ્રેમી સાથે મુંબઈ જતી હોય તેમ જણાવેલ. દરમિયાન ૧૮૧ ટીમના કાઉન્સિલર પ્રિયંકા ચાવડા એ યુવતીનુ કાઉન્સેલીગ કરતા તેણે જણાવેલ કે, તે નેપાળ રાજ્ય ની રહેવાસી છે. અને હાલ રાજકોટ તેના ભાઈના ઘરે રહેતી હોય, યુવતી એ તેના ભાઈનો સંર્પક કરવા કોઈ વિગત જણાવતી ના હોય, જેથી યુવતીને સખી વન સ્ટોપ સેન્ટરમાં લઈ ગયેલ, યુવતી પાસે ફોન હોય પરંતુ બંધ થઈ ગયેલ હોય. જેથી ૧૮૧ ટીમ અને ઓ.એસ.સી. ટીમની મહેનતથી યુવતીના ભાઈનો સંર્પક થતા, તેના ભાઈ - ભાભી એ જણાવેલ કે, યુવતીના છુટાછેડા થઈ ગયેલ છે. તે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી આવેલ છે. અને તેઓ તેને શોધી રહ્યા છે. આમ યુવતીની સઘળી જાણકારી, કાઉન્સેલિંગ બાદ તેમના ભાઈને ફોનિક જણાવેલ કે, તેમની બહેન તેનાથી નાની ઉમરના છોકરા સાથે જુનાગઢ રેલવેસ્ટેશન પરથી મળી આવેલ છે. અને હાલ તેને સખી વન સેન્ટરમાં આશ્રય આપેલ છે.